અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ એપ્રિલ ૨૦૨૫, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૧

વર્ષ : ૧૬
અંક : ૨૮૧

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**૧૭ એપ્રિલ સુધી ભારે વરસાદ અને તોફાનની ચેતવણી** રાજસ્થાનમાં ધૂળની આંધી ફૂંકાઇ શકે છે : ઉત્તર પ્રદેશના ૪૭ જિલ્લામાં ગાજવીજ સાથે માવઠું વરસી શકે છે

## મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને બિહારના ૯૫ જિલ્લા માટે એલર્ટ જાહેર કરાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભરઉનાળે દેશના ૧૫ રાજ્યમાં માવઠાની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગે મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને બિહારના ૯૫ જિલ્લા માટે એલર્ટ જાહેર કર્યું છે. રાજસ્થાનમાં ધૂળની આંધી ફૂંકાઇ શકે છે. ઉત્તર પ્રદેશના ૪૭ જિલ્લામાં ગાજવીજ સાથે માવઠું વરસી શકે છે. આગામી બે દિવસ સુધી મહારાષ્ટ્રના મેદાની વિસ્તારમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. પ્રતિ કિલોમીટર ૪૦ થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઇ શકે છે. ૧૫ એપ્રિલે અરૂણાચલ પ્રદેશ, ઓડિશા, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. બે દિવસ બાદ દેશના અનેક રાજ્યમાં ફરી ગરમીનો પ્રકોપ વધશે. હવામાન વિભાગ અનુસાર વેસ્ટર્ન ડિસ્ટબન્સના સાયક્લોનિક સરક્યુલેશન અને ટ્રફની સક્રિયતા ઘટતા ગરમીની અસર શરૂ થશે. ૧૫ એપ્રિલ બાદ રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્લી, મધ્યપ્રદેશમાં હીટવેવની સંભવના વ્યક્ત કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળ સહિત દેશના ઘણા રાજ્યોમાં ૧૩ થી ૧૭ એપ્રિલ સુધી ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે ઘણા રાજ્યો માટે એલર્ટ જાહેર કર્યું છે. વિભાગે મધ્યમથી ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પૂર્વ અને ઉત્તર-પૂર્વના રાજ્યોમાં આગામી પાંચ દિવસ સુધી વરસાદ ચાલુ રહેશે. સ્કાયમેટના અહેવાલ મુજબ, પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી અને તેની નજીકના દક્ષિણ-પશ્ચિમ ભાગોમાં નીચા દબાણનો વિસ્તાર રચાયો છે. તે ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે. જેના કારણે ઉત્તર પૂર્વ ભારતમાં આગામી ૨ થી ૩ દિવસ સુધી ભારે વરસાદ પડી શકે છે. ભારતીય હવામાન વિભાગના અહેવાલ મુજબ, કાશ્મીર ખીણમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સ્થિત છે. ઉત્તર પૂર્વ મધ્ય પ્રદેશમાં ચક્રવાતી પરિભ્રમણ રચાયું છે. આસામથી બંગાળની ખાડી સુધી ટ્રફ લાઈન બને છે. ઉત્તર પૂર્વ આસામ પર ચક્રવાતી પરિભ્રમણ રચાયું છે. હવામાન વિભાગનું અનુમાન છે કે ૧૬ એપ્રિલથી એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવા જઈ રહ્યું છે. તેની અસરને કારણે હવામાન ફરી એકવાર બદલાઈ શકે છે. ગુજરાતમાં પણ હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી છે. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે રાજ્યના હવામાન વિભાગ દ્વારા વરસાદને લઈ આગાહી કરવામાં આવી છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી કરાઈ છે. વરસાદની આગાહીના પગલે ખેડૂતો ચિંતામાં છે.

### પ.બંગાળ હિંસા વચ્ચે TMC સાંસદ યુસુફ પઠાણ થયો ટ્રોલ




। મુર્શિદાબાદ, તા.૧૩ ।

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં વક્ફ કાયદાને લઈને હિંસા ફાટી નીકળી છે. હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન ત્રણ લોકોના મોત પણ થયા છે. આ દરમિયાન, બહેરામપુર બેઠકના તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અને ભૂતપૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ ટીકાઓનો સામનો કરી રહ્યા છે. હકીકતમાં, તેમણે મુર્શિદાબાદ હિંસા વચ્ચે સોશિયલ મીડિયા પર પોતાની કેટલીક તસવીરો શેર કરી હતી, જેમાં તેઓ આરામથી ચાનો આનંદ માણતા જોવા મળે છે. લોકોને તેની પોસ્ટ પસંદ નથી આવી રહી અને તેને ટ્રોલ કરવામાં આવી રહ્યો છે. યુસુફ પઠાણે બે દિવસ પહેલા ઈન્સ્ટાગ્રામ પર ત્રણ તસવીરો શેર કરી હતી. ફોટા સાથેના કેપ્શનમાં લખ્યું છે, "આરામદાયક બપોર, શાનદાર ચા અને શાંતિપૂર્ણ વાતાવરણ. બસ આ ક્ષણનો આનંદ માણી રહ્યો છું."

WHOના પ્રમુખે ફરીથી આપી ચેતવણી

## ગમે ત્યારે આવશે મહામારી, આવતીકાલ પણ હોઈ શકે છે

### વિશ્વ આરોગ્ય સંગઠનના મહાનિર્દેશક ટેડ્રોસ એડનોમ ઘેબ્રેયસસે દુનિયામાં વધુ એક મોટી મહામારી આવવાનો દાવો કરી વિશ્વભરની ચિંતા વધારી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૩ ।

વિશ્વમાં ગમે ત્યારે મહામારી આવી શકે છે. WHOના પ્રમુખે વિશ્વને આપેલી ચેતવણીથી ચિંતામાં વધારો થયો છે. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) ના મહાનિર્દેશક ટેડ્રોસ એડનોમ ઘેબ્રેયસસે દુનિયામાં વધુ એક મોટી મહામારી આવવાનો દાવો કરી વિશ્વભરની ચિંતા વધારી દીધી છે. ડબ્લ્યુએચઓના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ એડહાનોમ ઘેબ્રેયસસે ચેતવણી આપી કે અન્ય રોગચાળો અનિવાર્ય છે, એમ કહીને કે તે "સૈદ્ધાંતિક જોખમ નથી પરંતુ રોગચાળાની નિશ્ચિતતા છે." ફરી શરૂ થયેલી WHO મીટિંગમાં બોલતા, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી વૈશ્વિક આરોગ્ય સંકટ ગમે ત્યારે ત્રાટકી શકે છે, પછી ભલે તે ૨૦ વર્ષ પછી હોય કે આવતીકાલે. ઘેબ્રેયસસે તેના અંતિમ આગમન માટે તૈયાર રહેવાના મહત્વ પર ભાર મૂક્યો. "કોવિડ -૧૯ મહામારી હવે સંઘર્ષ અને ભૌગોલિક રાજકીય અને આર્થિક વિક્ષેપથી દૂરની યાદગીરી જેવો લાગે છે. પરંતુ આગામી રોગચાળો જ્યાં સુધી વસ્તુઓ શાંત ન થાય ત્યાં સુધી રાહ જોશે નહીં," તેમણે કહ્યું. તેમણે મીટિંગમાં કહ્યું કે, અન્ય મહામારી




આગામી ૨૦ વર્ષ કે તેથી વધુ સમયમાં થઈ શકે છે, અથવા તે કાલે થઈ શકે છે. પરંતુ તે થશે, અને કોઈપણ રીતે, આપણે તૈયાર રહેવું જોઈએ. આ કોઈ સૈદ્ધાંતિક જોખમ નથી; તે એક મહામારીની નિશ્ચિતતા છે. તેથી જ વિશ્વને WHO રોગચાળાના કરારને સમાપ્તિ રેખા પર લાવવા માટે તમારી સગાઈ અને નેતૃત્વની જરૂર છે." "તમે જોયું છે કે કોવિડ-૧૯ મહામારીએ શું કર્યું. સત્તાવાર રીતે, ૭ મિલિયન લોકો માર્યા ગયા, પરંતુ અમે બિનસત્તાવારી અંદાજ ૨૦ મિલિયન હોવાનો અંદાજ લગાવીએ છીએ. અને માનવ ખર્ચની ટોચ પર, રોગચાળાએ વૈશ્વિક અર્થવ્યવસ્થામાંથી યુએસ $10 ટ્રિલિયનથી વધુનો નાશ કર્યો," તેમણે નોંધ્યું. WHOના વડાએ આશા વ્યક્ત કરી હતી કે WHO મહામારી કરાર પર વાતચીત દરમિયાન સર્વસંમતિ સધાઈ શકે છે. તેમણે ખાતરી આપી હતી કે "આ કરાર કોઈપણ રીતે કોઈપણ સભ્ય રાજ્યની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરશે નહીં. તેનાથી વિપરીતઃ તે રાષ્ટ્રીય સાર્વભૌમત્વ અને આંતરરાષ્ટ્રીય કાર્યવાહીને મજબૂત કરશે."

ડબ્લ્યુએચઓના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ એડહાનોમ ઘેબ્રેયસસે ચેતવણી આપી હતી કે મહામારી "સૈદ્ધાંતિક જોખમ નથી પરંતુ મહામારીની નિશ્ચિતતા છે." ફરી શરૂ થયેલી WHO મીટિંગમાં બોલતા, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી વૈશ્વિક આરોગ્ય સંકટ ગમે ત્યારે ત્રાટકી શકે છે, પછી ભલે તે ૨૦ વર્ષમાં કે આવતીકાલે.

WHOના વડાએ વિશ્વને આગામી મહામારી માટે અગાઉથી તૈયારી કરવાની સલાહ આપી છે. તેમણે કહ્યું, "ભૌગોલિક રાજકીય અને આર્થિક સંકટને કારણે કોવિડ-૧૯ રોગચાળાની યાદશક્તિ ઓછી થઈ શકે છે. પરંતુ આગામી રોગચાળો જ્યાં સુધી વસ્તુઓ સામાન્ય ન થાય ત્યાં સુધી રાહ જોશે નહીં." તેમણે પુનરોચ્ચાર કર્યો કે અન્ય રોગચાળાનો સામનો કરવામાં ૨૦ વર્ષ કે તેથી વધુ સમય લાગી શકે છે, અથવા આપણે આવતીકાલે તેનો સામનો કરી શકીએ છીએ.

## વક્ફ એક્ટ મુદ્દે બંગાળમાં હિંસા બાદ ૪૦૦થી વધુ હિન્દુઓનું પલાયન

### ભાજપ નેતાએ કહ્યું કે, જે વિસ્તારોમાં હિંસા થઈ છે, ત્યાંથી હિન્દુઓને ભાગવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે

। (એજન્સી) કોલકાતા, તા.૧૩ ।

વક્ફ બિલ કાયદા મુદ્દે પશ્ચિમ બંગાળમાં વિરોધ-પ્રદર્શનો અને હિંસા ફાટી નીકળી બાદ રાજકારણ શરૂ થઈ ગયું છે. મુર્શિદાબાદમાં કથિત રીતે હિન્દુ સમાજના લોકોને ભગાડ્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે. પશ્ચિમ બંગાળના ભાજપ નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું કે, 'જે વિસ્તારોમાં હિંસા થઈ છે, ત્યાંથી હિન્દુઓને ભાગવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે.' સુવેન્દુ અધિકારીએ એક્સ એક વીડિયો પોસ્ટ કરીને કહ્યું છે કે, '૪૦૦થી વધુ હિન્દુઓને મુર્શિદાબાદમાંથી ભાગવા માટે, નદી પાર કરવા માટે અને શાળાઓમાં આશરો લેવા માટે મજબૂર થવલું પડ્યું છે.' તેમણે કેટલીક તસવીરો અને વીડિયો શેર કર્યા છે. તેમણે કહ્યું કે, મુર્શિદાબાદના ધુનિલાયના ૪૦૦થી વધુ હિન્દુઓ ધાર્મિક કટ્ટરવાદીઓના ડરથી ભાગવું પડ્યું છે અને તેઓ નદી પાર કરીને માલદાના બૈષ્ણવનગરના દેવનાપુર-સોવાપુર જીપીની પાર લાલપુર શાળામાં આશરો લેવા માટે મજબૂર થયા છે.

શુભેન્દુએ મમતા બેનરજી સરકાર પર નિશાન સાધી કહ્યું કે, 'પશ્ચિમ બંગાળમાં ધાર્મિક હેરાનગતી કરવી વાસ્તવિકતા બની છે. તેમણે પોસ્ટમાં વધુ લખ્યું છે કે, 'ટીએમસીની તુષ્ટિકરણ નીતિઓ કટ્ટરવાદી તત્વોને પ્રોત્સાહિત કરી રહી



છે. હિન્દુઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આપણા લોકો આપણી જ જમીન પર જીવ બચાવવા માટે ભાગી રહ્યા છે. કાયદો-વ્યવસ્થા નિષ્ફળ ગઈ હોવા મામલે રાજ્ય સરકારને શરમ આવવી જોઈએ.'

ભાજપ નેતાએ વધુમાં કહ્યું કે, પશ્ચિમ બંગાળ સળગી રહ્યું છે, સામાજિકતા તૂટી ગઈ છે. તેમણે મુર્શિદાબાદ જિલ્લામાં તહેનાત કેન્દ્રીય અર્ધસૈનિક દળ, રાજ્ય પોલીસ અને જિલ્લા વહિવટીતંત્રને આગ્રહ કર્યો છે કે, તેઓ હિન્દુઓને સુરક્ષિત પાછા લાવવાનો તેમજ તેમની સુરક્ષા કરવાનું સુનિશ્ચિત કરે. આ પહેલા કોલકાતા હાઈકોર્ટે મુર્શિદાબાદ જિલ્લામાં કેન્દ્રીય શસ્ત્ર પોલસ દળ તહેનાત કરવાનો આદેશ આપ્યો હતા. કોર્ટે કહ્યું કે, વક્ફ સંશોધન અધિનિયમ વિરુદ્ધ દેખાવો દરમિયાન સાંપ્રદાયિત હિંસા પર કાબુ મેળવવામાં પશ્ચિમ બંગાળ સરકારે કરેલા પ્રયાસો પુરતા નથી.

### OBC અનામત ૩૨%થી વધારી ૫૧% કરવા માટેની ભલામણ

। બેંગલુરુ, તા.૧૩ ।

કર્ણાટકમાં જાતિ આધારિત વસ્તી ગણતરી પંચે રાજ્યમાં અન્ય પછાત વર્ગો (OBC) માટે અનામત વર્તમાન ૩૨%થી વધારીને ૫૧% કરવાની ભલામણ કરી છે. જો આ ભલામણ લાગુ કરવામાં આવે તો રાજ્યમાં કુલ અનામતનો આંકડો ૮૫% સુધી પહોંચી જશે. તેમાંથી, ૧૦% પહેલાંથી જ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે અને ૨૪% અનુસૂચિત જાતિ/જનજાતિ (SC/ST) માટે અનામત છે. પંચે પોતાની ભલામણોમાં કહ્યું હતું કે, હાલમાં જ હાથ ધરાયેલા સામાજિક-આર્થિક અને શૈક્ષણિક સર્વે અનુસાર, કર્ણાટકની વસ્તીમાં ઓબીસી વર્ગનો હિસ્સો લગભગ ૭૦ ટકા છે. પંચે વસ્તીના રેશિયોના આધારે અનામત લાગુ કરવાની વાત કરી છે. જેથી સરકારી સુવિધાઓ અને તકોના સમાન વિતરણ થઈ શકે. પંચના સર્વે રિપોર્ટમાં પછાત વર્ગની સંખ્યા ૬૯.૬ ટકા છે. તેમ છતાં રાજ્યમાં અડધાથી વધુ ઓછી વસ્તીને અનામતનો લાભ મળી રહ્યો છે. જો વસ્તીના આધારે અનામત આપવામાં ન આવી તો સરકારી સુવિધાઓ સમાન ધોરણે લોકો સુધી પહોંચી શકશે નહીં. ઉલ્લેખનીય છે, સર્વેની શરૂઆત ૨૦૧૫માં એચ. કંથરાજ દ્વારા થઈ હતી.

બાળકો અને વૃદ્ધો માટે બનાવેલી દવાઓને નષ્ટ થઈ

## કીવમાં ભારતીય ફાર્મા કંપનીના ગોદામ પર મિસાઈલથી હુમલો થયો

**આજે એક રશિયન મિસાઈલે યુક્રેનમાં ભારતીય ફાર્માસ્યુટિકલ કંપની કુસુમના ગોદામ પર હુમલો કર્યો**

। (એજન્સી) કીવ, તા.૧૩ ।

રશિયા યુક્રેન યુદ્ધની વચ્ચે એક મોટી સમાચાર આવી રહ્યા છે. યુક્રેને દાવો કર્યો છે કે, એક રશિયન મિસાઈલે યુક્રેનના કુસુમમાં એક ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીના ગોદામ પર હુમલો કર્યો છે. તેને લઈને એક્સ પર એક પોસ્ટમાં આરોપ લગાવ્યો છે.

યુક્રેનના દૂતાવાસે આરોપ લગાવ્યો કે રશિયાએ જાણીજોઈને યુક્રેનમાં ભારતીય વ્યવસાયોને ટાર્ગેટ બનાવ્યો. યુક્રેનના દૂતાવાસે એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે, ''આજે એક રશિયન મિસાઈલે યુક્રેનમાં ભારતીય ફાર્માસ્યુટિકલ કંપની કુસુમના ગોદામ પર હુમલો કર્યો. ભારત સાથે વિશેષ મિત્રતાનો દાવો કરતા, મોસ્કોએ જાણીજોઈને ભારતીય ઉદ્યોગોને ટાર્ગેટ બનાવ્યો. આ હુમલા સાથે રશિયાએ બાળકો અને વૃદ્ધો માટે બનાવેલી દવાઓને નષ્ટ કરી નાખી.''

### ખાટૂ શ્યામના દર્શને જતાં એક પરિવારના પાંચનાં મોત

। જયપુર, તા.૧૩ ।

જયપુર-દોસા નેશનલ હાઈવે પર આજે વહેલી સવારે એક ભીષણ માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે. આ દુર્ઘટના મનોહરપુર નજીક નેકાવાલા ટોલ પ્લાઝા નજીક ઘટી હતી. જ્યાં એક કાર અને ટ્રેલર સામ-સામે અથડાયા હતા. મૃતકોમાં એક ૧૨ માસનું બાળક અને બે મહિલાઓ સામેલ છે. તમામ મૃતક એક જ પરિવારના છે. તેઓ ખાટૂ શ્યામ મંદિર દર્શનાર્થે જઈ રહ્યા હતાં.

## ભાજપ-AIADMKની વચ્ચે ગઠબંધન થતાં રાજ્યસભામાં સમીકરણ બદલાયા

### હવે, NDAમાં AIADMK ના ચાર સાંસદોના સમર્થનથી, ભાજપના નેતૃત્વ હેઠળના ગઠબંધનની સંખ્યા વધી૧૨૩ થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

તમિલનાડુમાં ભાજપ અને AIADMK વચ્ચે ગઠબંધનની જાહેરાત થતાં જ દક્ષિણ ભારતના રાજકારણમાં હડકંપ મચ્યો છે. દક્ષિણ ભારતમાં થયેલા આ ગઠબંધનની અસર છેક દિલ્હી સુધી સ્પષ્ટપણે જોવા મળશે. AIADMK એ ભાજપ સાથે હાથ મિલાવ્યા બાદ રાજ્યસભામાં શાસક પક્ષે નામાંકિત સભ્યોના સમર્થન વિના જ પૂર્ણ-શક્તિવાળા ગૃહમાં બહુમતી સુનિશ્ચિત કરી છે. જો કે, શાસક પક્ષ પાસે ગઠબંધન પહેલાંથી જ બહુમત છે. રાજ્યસભામાં એનડીએના ૧૧૯ સભ્યો છે. સ્વતંત્ર સાંસદ કાર્તિકેય શર્મા પણ એનડીએને સમર્થન આપે છે. આ ગઠબંધન



પહેલાં જ વક્ફ સંશોધન બિલને મંજૂરી મળી હતી. જેમાં AIADMK ના સાંસદોએ વિરોધમાં મત આપ્યો હતો. હવે, NDAમાં AIADMK ના ચાર સાંસદોના સમર્થનથી, ભાજપના નેતૃત્વ હેઠળના ગઠબંધનની સંખ્યા વધીને ૧૨૩ થશે. તેથી, જ્યારે ઉપલા ગૃહમાં ૨૪૫ ની પૂર્ણ સંખ્યાબળ પ્રાપ્ત થશે, ત્યારે પણ શાસક ગઠબંધન બહુમતી ધરાવશે. વધુમાં, NDA ને છ નામાંકિત સભ્યોના સમર્થનની પણ જરૂર છે, તેથી અસરકારક સંખ્યા ૧૨૫ છે. બધા છ ભાજપ દ્વારા નામાંકિત કરવામાં આવ્યા હતા અને નામાંકિત સભ્યો સામાન્ય રીતે તે પક્ષને જ સમર્થન આપે છે જે તેમને ગૃહમાં મોકલે છે. AIDMK એ ભાજપ સાથે ગઠબંધન કરતાં હવે એનડીએ પાસે કુલ ૧૨૯ સાંસદો સમર્થનમાં છે. સરકારે ખાલી પડેલી ચાર સાંસદોની જગ્યા ભરવા નામાંકન આપ્યા છે, આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એનડીએના સમર્થનમાં ૧૩૪ કે તેથી વધુ સાંસદો ઉભા થશે.

## રશિયા દ્વારા યુક્રેન પર મિસાઇલથી હુમલો કરવામાં આવ્યો : ૨૧ મોત

। (એજન્સી) કિવ, તા.૧૩ ।

રશિયા-યુક્રેન યુદ્ધમાં સીઝફાયરની મંત્રણાઓ વચ્ચે હુમલાઓ સતત વધી રહ્યા છે. રશિયાએ ફરી યુક્રેનના સુમીમાં બેલિસ્ટિક મિસાઈલ વડે હુમલો કર્યો છે. જેમાં ઓછામાં ઓછા ૨૧ લોકો માર્યા ગયા હોવાની શક્યતા છે. રશિયન મિસાઈલ્સે શહેરના માર્ગો, સામાન્ય જન-જીવન, શાળા, વાહનો અને ઘરોને ટાર્ગેટ બનાવ્યા છે. આ હુમલો રવિવારે યુક્રેનના સુમી શહેરમાં થયો હતો. જેમાં શાળા પણ બળીને ખાખ થઈ હતી. આ હુમલા દરમિયાન લોકો ચર્ચ જઈ રહ્યા હતાં. એકબાજુ અમેરિકા રશિયા-યુક્રેન યુદ્ધ વિરામ માટે વિવિધ પ્રસ્તાવ રજૂ કરી રહ્યું છે. જેમાં તેણે યુક્રેનના બે ભાગલાં પાડવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ રશિયા યુક્રેન પર સતત હુમલાઓ કરી તેના પર હાવિ થવાનો પ્રયાસ કરી



રહ્યું છે. હાલમાં કરાયેલા હુમલામાં યુક્રેનના ૨૧ નાગરિકો માર્યા ગયા છે અને ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. યુક્રેન સરકાર દ્વારા બચાવ કામગીરી ચાલુ છે. યુક્રેને નિવેદન આપ્યું છે કે, વિશ્વએ તેને આકરો જવાબ આપવો જોઈએ. અમેરિકા, યુરોપ અને વિશ્વનો પ્રત્યેક દેશ કે જે આ યુદ્ધ અને હત્યાઓનો અંત લાવવા માગે છે.

## પંજાબમાં ૫૦ બોમ્બ ઘૂસાડવામાં આવ્યા : કોંગ્રેસ નેતાનું નિવેદન

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૩ ।

પંજાબમાં વિપક્ષ નેતા પ્રતાપ સિંહ બાજવા પોતાના વિવાદાસ્પદ નિવેદનથી ભરોબરના ફસાયા છે. તેમના ઘરે પોલીસની કાઉન્ટર ઈન્ટેલિજન્સ ટીમ પૂછપરછ કરવા પહોંચી હતી. તેમજ મુખ્યમંત્રીએ પણ બાજવાને આડે હાથ લીધા હતાં. તેમણે પંજાબમાં થઈ રહેલા બોમ્બ બ્લાસ્ટ વિશે સંવેદનશીલ નિવેદન આપ્યું હતું કે, 'પંજાબમાં ૫૦ બોમ્બ આવ્યા છે, અને તેમાંથી ૧૮ ફાટી ગયા છે, જ્યારે ૩૨ ફૂટવાના બાકી છે.' પંજાબમાં બોમ્બ ઘૂસ્યા હોવાનું નિવેદન આપ્યા બાદ પોલીસની કાઉન્ટર ઈન્ટેલિજન્સ ટીમ વધુ માહિતી મેળવવા બાજવાના નિવાસ સ્થાને પહોંચી હતી. જો કે, બાજવાએ આ અંગે કોઈ પણ માહિતી આપવાનો ઈનકાર કરી દીધો છે. નોંધ લેવી કે, પંજાબમાં ૧૮ સ્થળો પર બોમ્બ બ્લાસ્ટ થઈ



ચૂક્યા છે. હાલમાં જ ભાજપના પૂર્વ કેબિનેટ મંત્રી મનોરંજન કાલિયાના ઘરે બોમ્બ વિસ્ફોટ થયો હતો. વધુ પડતાં બોમ્બ બ્લાસ્ટ પોલીસ સ્ટેશનમાં થયા હતાં.કાઉન્ટર ઈન્ટેલિજન્સના અધિકારીઓએ જણાવ્યું કે, બાજવા તેમની સાથે સહયોગ કરી રહ્યા નથી. બાજવાનું કહેવું છે કે, મારી પાસે મારા પોતાના સૂત્રો છે, હું તેમના નામ જાહેર કરીશ નહીં.

**ન્યૂઝ બ્રિફ**

## સુકાતા પાકને બચાવવા ખેડૂતો આકરા પાણીએ

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૩ ।

સરકાર દાવો કરે છે કે નર્મદાનું પાણી સરહદી જિલ્લાઓ સુધી પહોંચાડ્યું છે, વાત સાચી પણ છે, નર્મદાનું નહેર નેટવર્ક કચ્છ અને બનાસકાંઠા સુધી ફેલાયેલું છે. પરંતુ હાલ બનાસકાંઠામાં ખેડૂતોએ નહેરમાં પાણી છોડવાની માગ સાથે વિરોધ શરૂ કર્યો છે. સુક્કીભઠ્ઠ કેનાલમાં હવન થઈ રહ્યો છે. હવનમાં આહૂતિ અપાઈ રહી છે. માં નર્મદાનું પાણી આ કેનાલમાં આવે તે માટે પ્રાર્થના થઈ રહી છે. તો માઈનોર કેનાલમાં પણ ખેડૂતો ઉતર્યા છે અને તંત્ર સામે સુત્રોચ્ચાર કરી રહ્યા છે. તો વધુ એક દ્રશ્યોમાં આકરા પાણીએ અન્નદાતા જોવા મળી રહ્યો છે. આ ખેડૂતો પણ માગ પાણીની કરી રહ્યા છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં ખેડૂતોના ખેતરો સુકાઈ રહ્યા છે, પાક બળી રહ્યો છે, અન્નદાતા પાણી ઝંખી રહ્યો છે પણ પાણી ન મળતાં હવે ખેડૂતોએ તંત્ર સામે બાંયો ચડાવી છે. સિંચાઈનું પાણી છોડવાની માગ લાંબા સમયથી ખેડૂતો કરી રહ્યા છે, પરંતુ તંત્ર કેનાલમાં પાણી છોડતું નથી અને તેના જ કારણે હવે ખેડૂતોએ સુક્કી કેનાલમાં હવન કરીને તંત્ર સુધી પોતાની વાત પહોંચાડવાનો પ્રયાસ કર્યો. ખેડૂતોએ કેનાલની અંદર જ હવનનું આયોજન કર્યું. હવનમાં આહૂતિ પણ આપી. ખેડૂતો સાથે થરાદના પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત પણ જોડાયા. કાંકરેજથી પસાર થતી રાધનપુર ડિસ્ટ્રીક્ટ કેનાલમાં પાણીનું ટીપ્પુ પણ નથી. તેના જ કારણે આ સુક્કી કેનાલમાં ખેડૂતો વિરોધ કરી રહ્યા છે. કાંકરેજ તાલુકાના અનેક ગામના ખેડૂતો આ વિરોધમાં જોડાયા.

## ભર ઉનાળે નદીમાં પાણી આવ્યું તો હરખાઈને કરી પૂજા

। (એજન્સી) તાપી, તા.૧૩ ।

ઢોલ, નગારા અને મંજીરાના તાલે પારંપરિક ઢબે નાચતે ગાજતે જતા આ લોકો કંઈ લગ્ન કે સગાઈ જેવા શુભ પ્રસંગે નથી જઈ રહ્યા. આ આદિવાસીઓ ગામમાં વર્ષો બાદ પાણી આવતા પાણીના ધરામણા માટે જઈ રહ્યા છે. ચાર દાયકાથી પાણી માટે વલખા મારતા આદિવાસીઓ પાણી જોઈ ખુશખુશાલ થઈ ગયા. આદિવાસી સમાજ દરેક શુભ પ્રસંગોને ખુબજ ઉત્સાહભેર ઉજવે છે. ત્યારે વર્ષો બાદ તેમના ગામની નદી, નાળા, તળાવો અને બોર કૂવામાં નવા નીર આવે તો તેમનો ઉત્સાહ બેવડાઈ જાય છે. આવું જ કઈક સોનગઢ તાલુકાના દક્ષિણ ભાગોમાં આવેલ ૨૦ થી વધુ ગામોમાં જોવા મળી રહ્યું છે. અહીં આશરે ચાર દાયકા એટલે કે ચાલીસ વર્ષ બાદ નદી નળાઓ, તળાવોમાં નવા નીર એપ્રિલ માસમાં જોવા મળ્યા છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરમાં શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા નાગર જ્ઞાતિના ઇષ્ટ દેવ શ્રી હાટકેશ્વરદાદા ના પાટોત્સવ પ્રસંગે આયોજિત મહા રુદ્રીમાં નાગર પરિવારો સાથે સહભાગી થયા હતા.

### યાત્રાધામ બેટ દ્વારકા ફરી એકવાર ચર્ચામાં

## બેટ દ્વારકામાં ૧૫૦ વર્ષ જૂનું હનુમાનજીનું મંદિર મળી આવ્યું

। (એજન્સી) દ્વારકા, તા.૧૩ ।

યાત્રાધામ બેટ દ્વારકા ફરી એકવાર ચર્ચામાં છે. આ વખતે ભગવાન શ્રીકૃષ્ણની નગર હનુમાનજીના મંદીરના કારણે ચર્ચામાં છે. કારણ કે , અહીં ૧૫૦ વર્ષ જુનુ હનુમાનજીનું મંદિર મળી આવ્યું છે. વર્ષો જૂનુ મંદિર મળી આવતા ભકતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. આ અંગે વિગતે વાતી કરીએ તો, વર્ષ ૨૦૨૨માં જ્યારે અહીં દબાણો પર પહેલી વખત બુલડોઝર ફેરવાયું હતું. આ સમયે કૃષ્ણની આ નગરીમાં ૪૦-૫૦ વર્ષમાં આવેલા વસ્તી વિષયક ફેરફારને લઈ ચર્ચાએ જોર પકડ્યું હતું. માછીમારીની આડમાં આ ટાપુ પર ગેરકાયદે કબજો શરૂ થયા હતા. જેના કારણે વસ્તીમાં ફેરફાર થયો. પરિણામ એ આવ્યું કે, અહીં ધાર્મિક સ્થળો નષ્ટ થવા લાગ્યા. જેનું તાજુ ઉદાહરણ છે બાલાપર વિસ્તારમાં આવેલું બાલાજી હનુમાનજીનું આ મંદિર. અહીં દબાણ દૂર કરતી વખતે ચારેકોર બાવળના જંગલની વચ્ચે છૂપાયેલા હનુમાનજી મંદિરના દિવ્ય દર્શન થયા. દોઢસો વર્ષ જુના આ મંદિરના આજુબાજુ વિસ્તારમાં અતિક્રમણ થયું હોવાના કારણે દશકો સુધી કોઈ પૂજા કરવા પહોંચી શક્યું ન હતું. જો કે વિસ્તારમાં દાદાની સરકારનું બુલડોઝર ફર્યું મંદિર મળી આવ્યું. દાદાની એ મૂર્તિ સાથેના મંદિરમાં દાદાના જન્મદિવસે એટલે કે હનુમાન જયંતિના દિવસે પૂજા અર્ચના કરી ભક્તોએ નવી આધ્યાતમિક ઉર્જા પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી.

### સહાયમાં કર્યો માતબર વધારો

## રાજ્યની નગરપાલિકાઓ માટે ભૂપેન્દ્ર પટેલે ખોલ્યો ખજાનો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની નગરપાલિકાઓ માટે મોટો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીએ નગરપાલિકાઓ સેવાસદનનું નિર્માણ કરી શકે તે માટે રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી સહાયમાં મોટો વધારો કર્યો છે. નગર સેવાસદનમાં પોતાના કામકાજ માટે આવતા નાગરિકોને વધુ સરળતા અને સુવિધા મળે તેવો જનસુખાકારીનો અભિગમ મુખ્યમંત્રીએ આ નિર્ણયમાં રાખ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અપાતી આ સહાયની રકમ વધારો કરવાના નિર્ણય સાથોસાથ એવો પણ નિર્ણય કર્યો છે કે, નગર સેવાસદનના નિર્માણમાં દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો સહિતના લોકો માટે લિફ્ટની સુવિધા તથા ઊર્જા આત્મનિર્ભરતા અને વીજબિલમાં બચત માટે સોલાર સિસ્ટમ કાર્યરત કરવાની રહેશે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'કેચ ધ રેઈન' અભિયાનને વેગ આપવા નવા નગર સેવાસદનના બાંધકામમાં વરસાદી પાણીના સંગ્રહની સિસ્ટમ પણ ઊભી કરવાના દિશાનિર્દેશો મુખ્યમંત્રીએ આપ્યાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા નિર્ણય અનુસાર રાજ્યની 'અ' વર્ગ તથા 'બ' વર્ગની નગરપાલિકાઓને હાલ નવું નગર સેવા સદન બનાવવા માટે આપવામાં આવતી રૂ. ૨ કરોડની સહાયમાં ત્રણ ગણા જેટલો વધારો કરવામાં આવ્યો છે.

### રજાઓમાં ભારે ભીડ ઉમટતા નાવડીઓ ખૂટી

## મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડતા રસ્તાઓ બંધ કરી દેવાયા



। (એજન્સી) નર્મદા, તા.૧૩ ।

હાલ નર્મદા ઉત્તરવાહિની પરિક્રમાનો મહાઉત્સવ ચાલી રહ્યો છે. ત્યારે આ પરિક્રમામાં શનિવારથી મોટી અડચણ આવી છે. મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડતા રસ્તાઓ બંધ કરી દેવાયા છે. જેથી હજારો પરિક્રમાવાસીઓ પરિક્રમા કર્યા વગર પરત ફરી રહ્યાં છે. નર્મદા ઉતરવાહિની પરિક્રમામાં કીડીયારું ઉભરાયું છે. શુક્રવારથી સોમવાર સુધી રજા હોઈ પરિક્રમા કરવા માટે શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે. રામપુરા કીડી મકોડી ઘાટ જવા માટે રાત્રિથી જ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. હજારો પરિક્રમાવાસીઓ પરિક્રમા કર્યા વગર પરત ફર્યા છે. આ વર્ષે તંત્ર દ્વારા આગોતરી વ્યવસ્થાઓ સારી કરવામાં આવી છે. પરંતુ અચાનક પબ્લિક વધી જતા વ્યવસ્થાઓ ઓછી પડી હતી. તંત્ર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે બસ સેવાની માંગ કરી છે. રેંગણ ઘાટ ખાતેથી પરિક્રમાવાસીઓને નદીની સામે પાર લઈ જવા માટે નાવડીઓ ઓછી પડી છે. તો બીજી તરફ, લોકો દ્વારા રસ્તા પર વાહનો પાર્ક કરી દેવામાં આવ્યા છે. ઉત્તરવાહીની પરિક્રમામાં જિલ્લા વહીવટીતંત્ર સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી તંત્ર ખડેપગે છે. રેંગણ ઘાટ પર ભીડ વધી જતાં ભીડ ઓછી કરવા સ્ટેચ્યુ ઓફ યુનિટીની ૧૩ મિની બસ સેવામાં મૂકાઈ છે. હાલ રેંગણ ઘાટથી શ્રધ્ધાળઓને જે ની બસ દ્વારા ભાદરવા ગામ સુધી લાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. Souના અધિકાઓ અને કર્મચારીઓ સ્થળ પર હાજર થયા છે. ઉત્તરવાહીની પરિક્રમા રામપુરા, કીડીમકોડી ઘાટ, રણછોડરાયના મંદિરથી પ્રારંભ થઈને માંગરોળ, ગુવાર, શહેરાવ, તિલકવાડા ઘાટ, રેંગણ-વાસણ ગામ થઈને નર્મદા નદી બોટ મારફત પાર કરી પરત રામપુરા ઘાટ પર સ્નાન કરીને પરિક્રમા અંદાજે ૧૪ કિ.મી. પૂરી થાય છે. ચૈત્ર માસમાં ૨૯મી માર્ચ-૨૦૨૫ થી ૨૭મી એપ્રિલ-૨૦૨૫ સુધી એક મહિનો આ પરિક્રમા યોજાનાર છે જેમાં હજારો લાખોની સંખ્યામાં ભાવિકો શ્રદ્ધાળુઓ આ પગપાળા પરિક્રમા કરે છે.

### હવામાન વિભાગની ચેતવણી

## રાજ્યના ૧૨ જિલ્લામાં ભારે પવન સાથે માવઠાનું સંકટ

### સુરત, નર્મદા, ડાંગ, નવસારીમાં માવઠાની આગાહી, તાપી, દમણ, અમરેલી, ભાવનગરમાં માવઠાનું અનુમાન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

હવામાન વિભાગે રાજ્યના ૧૨ જિલ્લામાં આજે પણ માવઠાની શક્યતા વ્યક્ત કરી છે. અમદાવાદ સહિત ૧૨ જિલ્લામાં હળવા વરસાદનનું અનુમાન છે. સુરત, નર્મદા, ડાંગ, નવસારીમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. તાપી, દમણ,અમરેલી, ભાવનગરમાં પણ માવઠાનું અનુમાન હવામાન વિભાગે વ્યક્ત કર્યું છે.આ સિવાય બોટાદ-ભરૂચ-આણંદના કેટલાક વિસ્તારમાં છુટછવાયો હળવો વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ ૧૫ એપ્રિલ સુધી રાજ્યમાં ૩૦થી ૪૦ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. જિલ્લામાં હળવા વરસાદની આગાહી કરી છે. આ જિલ્લામાં પણ સાર્વત્રિક નહિ પરંતુ છુટછવાયો વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગના આંકલન મુજબ હાલ ગુજરાતમાં એન્ટીસાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે પવનની ગતિ વધી છે, તો બીજી અન્ય રાજ્યો પર બનેલી વરસાદી સિસ્ટમના કારણે વાતા ઠંડા પવનની અસરથી ગુજરાતના તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થતાં લોકોએ ગરમીથી રાહત અનુભવી છે. જો કે ૧૫ એપ્રિલ મંગળવારથી ફરી એકવાર તાપમાનનો પારો થી ૪ ડિગ્રી ઉંચે જાય તેવી શકયતા જોવાઈ રહી છે. જેના પગલે ૧૫ એપ્રિલ મંગળવારથી ફરી એકવાર રાજયના મોટાભાગના વિસ્તારમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર જઈ શકે છે. અન્ય રાજ્યોની વાત કરીએ તો ૧૬ એપ્રિલથી રાજધાની અને દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ફરી એકવાર ગરમીનું મોજું ફરી વળશે. હિટવેવની સ્થિતિ લોકોને વધુ પરેશાન કરશે. આની સાથે ધૂળભરી આંધીની પણ સંભાવના છે.

### પીએમ મોદીએ જવાબ આપ્યો

## રાજકોટના દિવ્યાંગ વિપુલભાઈએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખ્યો પત્ર

### રાજકોટના દિવ્યાંગ વિપુલભાઈ પીત્રોડાએ દીકરીની કિડનીની સારવાર માટે પીએમ આયુષ્યમાન યોજના હેઠળ ફ્રી સારવાર મેળવી

। (એજન્સી) રાજકોટ, તા.૧૩ ।

રાજકોટના દિવ્યાંગ દંપતીએ પોતાની દીકરીની પ્રધાનમંત્રી આયુષ્યમાન પ્રધાનમંત્રી યોજના અંતર્ગત ફ્રીમાં સારવાર કરાવી હતી. જે બાદ દીકરીના પિતા વિપુલભાઈ પીત્રોડાએ પીએમ મોદીને આભાર માનતો પત્ર લખ્યો હતો. આ પત્રના જવાબમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા રાજકોટના દિવ્યાંગ વિપુલભાઈ પીત્રોડાને પત્રનો જવાબ આપવામાં આવ્યો હતો. આ પત્ર જોઈને પરિવારની ખુશી બેગણી થઈ ગઈ હતી. વિપુલભાઈ પિત્રોડા નામના વ્યક્તિને પ્રધાનમંત્રી દ્વારા પત્ર લખી વળતો જવાબ આપવામાં આવ્યો હતો. વિપુલભાઈ પિત્રોડા પ્રધાનમંત્રીનો આભાર માનવા માટે પત્ર લખવામાં આવ્યો હતો. તેમની પુત્રી દર્શિ પિત્રોડાને કિડનીની બીમારી હોવાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જ્યાં પ્રધાનમંત્રી આયુષ્યમાન પ્રધાનમંત્રી યોજના અંતર્ગત ફ્રીમાં સારવાર મળી હતી ત્યાં સારી સારવાર મળતા વિપુલભાઈએ પ્રધાનમંત્રી નો આભાર માનવા માટે લખ્યો હતો પ્રધાનમંત્રીએ વળતા પત્રમાં શું લખ્યું એ જોઈએ. આપનો પત્ર મળ્યો અને જાણવા મળ્યું કે, મા અમૃતમ કાર્ડની મદદથી દીકરીનું ઓપરેશન સફળતાપૂર્વક થઈ ગયું છે. માતા પિતા માટે બાળકના આરોગ્યની ચિંતા કેટલી હોય એ સમજી શકાય છે. ગુજરાત સરકાર દ્વારા ઓપરેશન અને તે પછી દવાઓની નિશુલ્ક સુવિધા ઉપરાંત અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર અને કર્મચારી પ્રત્યે આપી વ્યક્ત કરેલી આભારની લાગણી આરોગ્ય સેવા પ્રત્યે સરકાર પ્રતિબધતાનો પડઘો છે. આપની જેમ કરોડો લાભાર્થીઓને મા અમૃતમ કાર્ડ ના ફાયદા મળ્યા છે.

**વિશેષ**

### માધવપુર ખાતે ગુજરાત સહિત નોર્થ ઈસ્ટના ૧૬૦૦થી વધુ કલાકારો એ વિવિધ ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરી

# 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની થીમ આધારીત માધવપુર મેળાનું સુખરૂપ સમાપન: ગુજરાત સહિત દેશભરના ૬.૭૬ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ લીધી મુલાકાત

। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ તેમજ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની થીમ આધારીત માધવપુર ઘેડ મેળાનું પોરબંદર ખાતે ગત તા. ૬ થી ૧૦ એપ્રિલ સુધી ૫ દિવસ માટે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન શ્રી કૃષ્ણએ રાણી રૂક્ષમણી સાથે પોરબંદરના માધવપુરમાં લગ્ન કર્યા હતા તેની યાદમાં દર વર્ષે સાંસ્કૃતિક મેળાના સ્વરૂપમાં માધવપુર ખાતે ઉજવણી કરવામાં આવે છે.






આ વર્ષે ગુજરાત સહિત દેશભરના ૬,૭૬,૩૦૮ જેટલા શ્રદ્ધાળુઓ માધવપુર ઘેડ મેળામાં સહભાગી થયા હતા. માધવપુર ખાતે દર રોજ સાંજે ગુજરાત તથા નોર્થ ઈસ્ટના કૂલ ૧,૬૮૫ કલાકારો દ્વારા દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની ભવ્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ વર્ષે માધવપુર ઘેડ મેળાની ઉજવણી સમગ્ર ગુજરાતમાં કરવામાં આવી હતી. ગુજરાત સહિત ઉત્તરપૂર્વના ૮ રાજ્યો - 'અષ્ટલક્ષ્મી' માધવપુર ઘેડ મેળામાં સહભાગી થયા હતા. ગુજરાત અને નોર્થ ઈસ્ટની વિવિધ ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિઓએ અનોખું આકર્ષણ જમાવ્યું હતું. માધવપુર ઘેડ ખાતે ગુજરાતના ૪૮ તથા નોર્થ ઈસ્ટના આઠ રાજ્યોના ૧૫૨ સ્ટોલ્સ એમ કુલ ૨૦૦ સ્ટોલમાં રૂ.૧,૨૩,૭૫,૯૦૪ની રકમની વિવિધ વસ્તુઓનું વેચાણ કરવામાં આવ્યું છે. ઉપરાંત પારંપરિક લગ્ન બાદ ભગવાન શ્રી કૃષ્ણ ક્રુહી દેવી રુકમણી નું દ્વારકા ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું સાથે 'એક ભારત શ્રેષ્ટ ભારત' થીમ આધારિત તેમજ શ્રી કૃષ્ણ અને રુક્ષમણીજીના જીવન આધારિત થીમ પર ભવ્ય મલ્ટી મીડિયા શોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. માધવપુર મેળા દરમિયાન ૫૦ ફૂડ સ્ટોલ પૈકી ૮ ફૂડ સ્ટોલ નોર્થ ઈસ્ટ રાજ્યોને ફાળવવામાં આવ્યા હતા. નાગરીકોએ નોર્થ ઈસ્ટના ભોજનનો સ્વાદ માણ્યો હતો.

માધવપુર ખાતે આયોજિત ભવ્ય મેળાની શરૂઆત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવી હતી. પાંચ દિવસીય મેળામાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, ત્રિપુરાના રાજ્યપાલ શ્રી નલ્લુ ઈન્દ્રસેન રેડ્ડી, અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ કૈવલ્ય ત્રિવિક્રમ પરનાયક ઉપરાંત કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા અને શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, ગુજરાતના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા,જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી હર્ષ સંઘવી સહિત મંત્રીશ્રીઓ સહભાગી થયા હતા.

આ વર્ષે માધવપુર ઘેડ મેળાની ઉજવણી સમગ્ર ગુજરાતમાં કરવામાં આવી હતી. પોરબંદર ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, સોમનાથ ખાતે પણ આ મેળાની ઉજવણીના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા છે. જેમાં તા. ૧ એપ્રિલ, સુરતમાં ઈનડોર સ્ટેડિયમ ખાતે ૪,૭૧૫ મુલાકાતીઓએ ૪૦૦થી વધુ કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ કાર્યક્રમ નીહાળ્યો હતો. તા. ૨ એપ્રિલે વડોદરામાં અકોટા સ્ટેડિયમ ખાતે ૪૩૮૭ મુલાકાતીઓ, તા. ૩ એપ્રિલ અમદાવાદમાં ટ્રાન્સ્ટેડિયા ખાતે ખાતે ૧૦,૦૭૮ મુલાકાતીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો.

આ ઉપરાંત અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે તા. ૩૦ માર્ચથી ૪ એપ્રિલ દરમિયાન NEHHDC ના સંકલનથી હાટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસામ, અરૂણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરાના ૪૦ કરીગરો તથા ગુજરાતના ૧૪૦ કારીગરોએ ભાગ લીધો હતો. આ હસ્તકલા હાટમાં કારીગરોએ રૂ. ૨૧,૭૦,૦૭૫ની રકમની વિવિધ વસ્તુઓનું વેચાણ કરવામાં આવ્યું હતું.

માધવપુર મેળા દરમ્યાન માધવપુર, પોરબંદર, શિવરાજપુર તથા સોમનાથના દરિયાકાંઠે રેતી શિલ્પ કૃતિઓ બનાવવામાં આવી હતી. મેળા દરમિયાન બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં જૂડો, બીચ હેન્ડબોલ, બીચ વોલીબોલ, બીચ કબ્બડી, ૧૦૦ મી. રન, 7A સાઈડ બીચ ફૂટબોલ જેવી વિવિધ રમતોનું આયોજન કરાયું હતું. પ્રવાસન નિગમ દ્વારા દરેક સ્થળો ખાતે શ્રી કૃષ્ણ અને રૂકમનીના વિવાહ આધારિત થીમ પર ટેમ્પરરરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લાઈટ અને સાઉન્ડ સિસ્ટમ અને ઈવેન્ટ મેનેજમેન્ટનું આયોજન કરાયું હતું.

આ મેળા દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારોના ધારાસભ્યશ્રી, સાંસદ, સ્થાનિક હોદેદારો, કલેક્ટર, મહાનગરપાલિકા કમિશનર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા સહિત સ્થાનિક વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ તેમજ અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ઇટાલીના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી એન્ટોનિયો તાજાની ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા.

## ન્યૂઝ બ્રિફ

### ઉત્તરાખંડના ટિહરીમાં લગ્નમાં જતા જાનૈયાઓની કાર ખીણમાં ખાબકી

। (એજન્સી) દહેરાદુન, તા.૧૩ ।

હરિયાણાના ફરીદાબાદથી લગ્ન સમારોહમાં હાજરી આપવા જઈ રહેલા એક પરિવારને ઉત્તરાખંડના ચમોલીમાં અકસ્માત નડ્યો હતો. કાર અલકનંદા નદીમાં ખાબકી હતી, જેમાં પાંચ લોકોના મૃત્યુ નીપજ્યાં છે. જ્યારે એક મહિલા ઈજાગ્રસ્ત થઈ છે. કારની ગતિ ખૂબ જ વધારે હોવાથી આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત દેવપ્રયાગથી શ્રીનગર તરફ બદ્રીનાથ હાઈવે પર લગભગ ૧૫ કિ.મી. દૂર બાગવાન નજીક થયો હતો. મળતી માહિતી અનુસાર, કાર અલકનંદા નદીમાં ખાબકી હતી, કારમાં મુસાફરી કરી રહેલી એક મહિલાનો બચાવ થયો હતો. તેમને શ્રીનગરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. ત્રણ બાળકો સહિત પાંચ અન્ય લોકો હજુ પણ ગુમ છે. એવી આશંકા છે કે તેઓ નદીના પ્રવાહમાં તણાઈ ગયા હશે.

### મનરેગા હેઠળ સાડી પહેરીને પુરુષોએ મહિલાઓની જેમ કામ કરી આચર્યું કૌભાંડ

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૩ ।

કર્ણાટકના યાદગીર જિલ્લાના માલદાર ગામમાંથી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) હેઠળ વેતન કૌભાંડનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં કેટલાક પુરુષ મજૂરો સાડી પહેરીને મહિલાઓના નામે કામ કરતા હતા, જ્યારે વાસ્તવિક મહિલા કામદારો બિલકુલ કામ કરતી ન હતી. આ છેતરપિંડી ડ્રેઈન ઊંડા કરવાના પ્રોજેક્ટ દરમિયાન ત્યારે પ્રકાશમાં આવી જ્યારે કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ. આમાં પુરુષો સાડી પહેરીને કામ કરતા જોવા મળ્યા હતા. આ કામ મલ્લાર ગામના ખેડૂત નિંગાપ્પા પૂજારીના ખેતરમાં ચાલી રહ્યું હતું અને પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૩ લાખ હોવાનું કહેવાય છે. જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) લવેશ ઓરાડિયાએ કૌભાંડની પુષ્ટિ કરતા કહ્યું.

### કોરોના દર્દી પર દુષ્કર્મ આચરવા મામલે આજીવન કેદની સજા

। (એજન્સી) થિરૂવનંથપુરમ્, તા.૧૩ ।

કેરળમાં કોરોના સંક્રમિત યુવતી પર દુષ્કર્મના કેસમાં એમ્બ્યુલન્સ ચાલકને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. આ ઘટના પાંચમી સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ બની હતી. જ્યારે ૧૯ વર્ષની એક યુવતીને કોરોના વાઈરસ માટે સકારાત્મક પરીક્ષણ બાદ સારવાર માટે આદૂર જનરલ હોસ્પિટલમાંથી પંડાલમના કોવિડ સેન્ટરમાં ખસેડવામાં આવી રહી હતી. આ દરમિયાન એમ્બ્યુલન્સ ચાલક નૌફલે યુવતી પર દુષ્કર્મ આચર્યું હતું. કેરળના પથાનમથિટ્ટા જિલ્લાની કોર્ટે કાયામકુલામના વતની એવા આ ૨૯ વર્ષીય નૌફાલને ૨.૧૨ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. સમગ્ર દેશ કોરોના માહામાર દરમિયાન પીડિત યુવતીને એકલી અદૂર જનરલ હોસ્પિટલથી એમ્બ્યુલન્સ મારફતે પંડાલામ ખાતે આવેલા કોવિડ સારવાર કેન્દ્રમાં લઈ જવાઈ રહી હતી.

### શુભેન્દુ અધિકારીએ કેન્દ્રીય દળ તૈનાત કરવાની માંગ કરી

# મમતા બેનર્જી બંગાળને સંભાળવામાં સક્ષમ નથી

### શુક્રવારે પ્રદર્શનકારીઓએ વાહનોને આગ ચાંપી દીધી હતી અને રોડ અને રેલ ટ્રાફિકને અવરોધ્યો હતો

। (એજન્સી) કોલકત્તા, તા.૧૩ ।



પશ્ચિમ બંગાળમાં વક્ફ એક્ટ વિરુદ્ધ હિંસક વિરોધ પ્રદર્શનો બાદ ભાજપના નેતા શુભેંદુ અધિકારીએ રાજ્યમાં સેના તૈનાત કરવાની માંગ કરી છે. તેમણે કહ્યું કે કેન્દ્રએ રાજ્યમાં કલમ ૩૫૫ લાગુ કરવી જોઈએ અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સેના અને સુરક્ષા દળોને તૈનાત કરવા જોઈએ. અધિકારીએ કહ્યું કે મમતા બેનર્જી સરકાર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ સાબિત થઈ રહી છે. શુક્રવારે પ્રદર્શનકારીઓએ વાહનોને આગ ચાંપી દીધી હતી અને રોડ અને રેલ ટ્રાફિકને અવરોધ્યો હતો. ભીડને કાબૂમાં લેવાના પ્રયાસમાં કેટલાક પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હતા. અધિકારીઓએ આ માહિતી આપી હતી. વિપક્ષી નેતા અધિકારીએ કહ્યું કે રાજ્યમાં લોકોની અંગત મિલકતો તોડી પાડવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે રાજ્ય પ્રશાસને કેન્દ્ર પાસેથી મદદ લેવી જોઈએ. મુર્શિદાબાદ, દક્ષિણ ૨૪ પરગણા, ઉત્તર ૨૪ પરગણા, હુગલી, માલદા અને બીરભૂમ જિલ્લામાં કલમ ૩૫૫ લાગુ કરવી જોઈએ. મુર્શિદાબાદ જિલ્લાના સુતીમાં વિરોધ હિંસક બન્યો જ્યારે વિરોધીઓ પ્રતિબંધિત આદેશો હોવા છતાં એકઠા થયા અને રસ્તાઓ બ્લોક કરી દીધા. સરઘસ દરમિયાન દેખાવકારોએ સુરક્ષા કર્મચારીઓ પર પથ્થરમારો કર્યો, પોલીસ વાન અને જાહેર બસોને આગ ચાંપી દીધી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, મુશ્કેલી ત્યારે શરૂ થઈ જ્યારે મુસ્લિમ સમુદાયના લોકો શુક્રવારની નમાજ પછી એકઠા થયા અને વક્ફ એક્ટનો વિરોધ કર્યો. તેઓએ શમશેરગંજમાં ડાકબંગલા મોરથી સુતિર સજુર મોર સુધી નેશનલ હાઈવે-૧૨નો એક ભાગ બ્લોક કરી દીધો હતો. તેમણે કહ્યું, 'વિરોધ હિંસક બન્યો જ્યારે વિરોધીઓએ પોલીસ વાન પર પથ્થરમારો કર્યો. આ પછી પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ થઈ હતી જેમાં લગભગ ૧૦ પોલીસ કર્મીઓ ઘાયલ થયા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે કેટલાક પ્રદર્શનકારીઓએ પોલીસ કર્મીઓ પર બોમ્બ જેવા પદાર્થો ફેંક્યા હતા, ત્યારબાદ પોલીસે બેકાબૂ ભીડને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જનો આશરો લીધો હતો અને બાદમાં દેખાવકારોને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા. અન્ય એક અધિકારીએ જણાવ્યું કે હિંસા વચ્ચે કેટલાક પોલીસકર્મીઓને નજીકની મસ્જિદમાં આશ્રય લેવો પડ્યો હતો. તે જ સમયે, જિલ્લા વહીવટીતંત્રે સરહદ સુરક્ષા દળ (BSF)ને સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા દરમિયાનગીરી કરવા વિનંતી કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, માલદામાં પ્રદર્શનકારીઓએ રેલ્વે ટ્રેક પર ધરણાં કર્યા હોવાથી ટ્રેનની અવરજવરને અસર થઈ હતી.

### ત્રણ મહિનામાં લેવો પડશે નિર્ણય

# સુપ્રીમે રાજ્યપાલની જેમ રાષ્ટ્રપતિ માટે પણ ડેડલાઇન નક્કી કરી

### કલમ ૨૦૧ હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલા કાર્યો ન્યાયિક સમીક્ષાને પાત્ર છે : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।



તમિલનાડુના રાજ્યપાલ આરએન રવિ કેસમાં સુપ્રીમ કોર્ટે ૮ એપ્રિલે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. પહેલી વાર, ન્યાયાધીશ જેપી પારડીવાલા અને આર મહાદેવનની બેન્ચે રાષ્ટ્રપતિને બિલ પર નિર્ણય લેવા માટે સમયમર્યાદા નક્કી કરી છે. આ મામલે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, રાજ્યપાલ દ્વારા મોકલવામાં આવેલા બિલ પર રાષ્ટ્રપતિએ ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવો ફરજિયાત રહેશે. કલમ ૨૦૧ હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલા કાર્યો ન્યાયિક સમીક્ષાને પાત્ર છે. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ત્યારે આવ્યો જ્યારે કોર્ટે કહ્યું કે તમિલનાડુના રાજ્યપાલ આરએન રવિએ ડીએમકે સરકાર દ્વારા પાસ કરાયેલા ૧૦ બિલને મંજૂરી ન આપતા આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો. સુપ્રીમ કોર્ટે કેસની સુનાવણી કરી અને તમિલનાડુના રાજ્યપાલના નિર્ણયને ફગાવી દીધો. સુપ્રીમ કોર્ટે મંગળવારે આ ચુકાદો આપ્યો હતો અને શુક્રવારે સંબંધિત આદેશ જાહેર કરવામાં આવ્યો હતો. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, બંધારણના અનુચ્છેદ ૨૦૧ મુજબ, જ્યારે રાજ્યપાલ દ્વારા કોઈ બિલ રાષ્ટ્રપતિને મોકલવામાં આવે છે, ત્યારે રાષ્ટ્રપતિએ કાં તો તેને પોતાની સંમતિ આપવી પડશે અથવા પોતાની અસંમતિ વ્યક્ત કરવી પડશે. જોકે, બંધારણમાં આ પ્રક્રિયા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવામાં આવી નથી. આ મામલે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, રાષ્ટ્રપતિને પોકેટ વીટોનો અધિકાર નથી. તેનો અર્થ એ કે તેઓ પોતાનો નિર્ણય અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી શકતા નથી. બેન્ચે કહ્યું કે, બંધારણમાં આ પ્રક્રિયા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવામાં આવી નથી, પરંતુ સત્તાનો ઉપયોગ વાજબી સમયની અંદર થવો જોઈએ. કલમ ૨૦૧ હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા સત્તાનો ઉપયોગ કાયદાના આ સામાન્ય સિદ્ધાંતથી બાકાત ન કહી શકાય. વધુમાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જો ત્રણ મહિનાથી વધુ વિલંબ થાય છે, તો યોગ્ય કારણો જણાવવા જોઈએ અને સંબંધિત રાજ્યને તેની જાણ કરવી જોઈએ. અમારું માનવું છે કે રાષ્ટ્રપતિએ રાજ્યપાલ દ્વારા તેમના વિચારણા માટે મોકલવામાં આવેલા બિલ પર સંદર્ભ મળ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવો જરૂરી છે. સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું કે, જો નિર્ધારિત સમયમર્યાદામાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવે તો સંબંધિત રાજ્ય કોર્ટનો સંપર્ક કરી શકે છે. જો કોઈ બિલ તેની બંધારણીય માન્યતાને કારણે અટકાવવામાં આવે છે, તો કારોબારી અદાલતની ભૂમિકા ભજવવી જોઈએ નહીં. આવા કેસને કલમ ૧૪૩ હેઠળ સુપ્રીમ કોર્ટમાં મોકલવા જોઈએ. કોર્ટે કહ્યું, અમે સ્પષ્ટપણે કહીએ છીએ કે જ્યારે કોઈ બિલમાં ફક્ત કાનૂની મુદ્દાઓનો સમાવેશ થાય છે.

### ખેલાડી પોતાની સ્વાભાવિક રમત રમતા રહે : હસી

# પાંચ પરાજય છતાં ટીમમાં ફેરબદલ નહીં કરે ચેન્નઈ સુપર કિંગ્સ(CSK)

### માઈકલ હસીએ મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, મારું હજુ પણ માનવું છે કે, અમારી પાસે યોગ્ય ખેલાડી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।



ચેન્નઈ સુપર કિંગ્સને IPL 2025માં સતત પાંચમી વખત હારનો સામનો કરવો પડ્યો છે પરંતુ ટીમના બેટિંગ કોચ માઈકલ હસીએ પોતાના ખેલાડીઓનું સંપૂર્ણ સમર્થન કરતા કહ્યું છે કે, હમણાંથી જ હાર સ્વીકારી લેવાની જરૂર નથી અને પાંચ વખતની ચેમ્પિયન ટીમ પાસે યોગ્ય ખેલાડી છે. ચેન્નઈને પોતાના ઘરેલૂ મેદાન ચેપોકમાં ૯ વિકેટ પર ૧૦૩ રનનો પોતાનો અત્યાર સુધીનો સૌથી ઓછો સ્કોર બનાવ્યા બાદ શુક્રવારે અહીં કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ૮ વિકેટે શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. માઈકલ હસીએ મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, મારું હજુ પણ માનવું છે કે, અમારી પાસે યોગ્ય ખેલાડી છે. અમારે ફક્ત તેમને થોડો આત્મવિશ્વાસ અને સુસંગતતા મેળવવામાં મદદ કરવાની છે. ત્યારબાદ અમે સાચા રસ્તે આગળ વધી શકીશું, પછી તે બેટિંગ હોય, બોલિંગ હોય કે ફિલ્ડિંગ હોય. અમારી રમતની શૈલીની ખૂબ ચર્ચા થઈ રહી છે. પરંતુ અમારી પાસે જે ખેલાડીઓ છે તેમને અમે અલગ રીતે રમવા માટે કહેવા નથી માગતા. અમે ઈચ્છીએ છીએ કે તઓ પોતાની સ્વાભાવિક રમત રમતા રહે. ઓસ્ટ્રેલિયાના આ પૂર્વ બેટરે કહ્યું કે, તેઓ પોતાની રીતે રમવા અને વાસ્તવમાં સારું પ્રદર્શન કરવા માટે IPLમાં આવ્યા છે. હું એ લોકોમાંથી નથી જે તેમને અલગ રીતે રમવાનો પ્રયાસ કરાવે છે.

### ફેસબુક અને મેસેન્જરમાં પણ સુધારો થશે

# ઇન્સ્ટાગ્રામ દ્વારા ટીન એકાઉન્ટ્સમાં સિક્યોરિટી વધારવામાં આવી હતી

### હાલમાં ઇન્સ્ટાગ્રામ પર ૫૪ મિલિયન ટીન એકાઉન્ટ્સ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।




ઈન્સ્ટાગ્રામ દ્વારા ગયા વર્ષે ટીન એકાઉન્ટ્સ લોન્ચ કરવામાં આવ્યા હતા, અને હવે તેના સિક્યોરિટી ફીચર્સમાં વધારો કરવામાં આવ્યો છે. ભારતમાં હવે ટીનેજર માટે સિક્યોરિટી વધારવા માટેની પહેલ શરૂ થઈ છે. આ માટે ઈન્સ્ટાગ્રામ દ્વારા કેટલાક કડક પગલાં લેવામાં આવ્યા છે. ટીન એકાઉન્ટ્સ ૨૦૨૪ની સપ્ટેમ્બરમાં લોન્ચ કરવામાં આવ્યા હતા. હાલમાં ઈન્સ્ટાગ્રામ પર દુનિયાભરમાં ૫૪ મિલિયન ટીન એકાઉન્ટ્સ છે. ટીન એકાઉન્ટ્સ ફીચર હવે બહુ જલદી ફેસબુક અને મેસેન્જરમાં પણ ઉમેરવામાં આવશે. આ વર્ષના અંત સુધીમાં આ ફીચર્સ ઉપલબ્ધ થઈ જશે તેવી શક્યતા છે. ઈન્સ્ટાગ્રામની પબ્લિક પોલિસીની ગ્લોબલ ડિરેક્ટર તારા હોપ્કિન્સ કહે છે, "યુવાનોની સુરક્ષા ખૂબ જ જરૂરી છે. ઘણા યુવાનોને આ ઉંમરે શું સારું છે અને શું ખરાબ છે એની માહિતી ન હોવાની સાથે તેમને ઓનલાઈન સારો અનુભવ મળે એ માટે ઈન્સ્ટાગ્રામ દ્વારા વિવિધ પગલાં લેવામાં આવ્યા છે." દુનિયાભરમાં ટીન એકાઉન્ટ્સના ૯૭ ટકા યુઝર્સ ૧૩-૧૫ વર્ષના છે. આવશે ભારતમાં ઈન્સ્ટાગ્રામ દ્વારા ટીન એકાઉન્ટ્સ શરૂ કરવામાં આવ્યા છે, જેમાં ડિફોલ્ટ સેફ્ટી ફીચર્સ આપવામાં આવ્યા છે. ટીન એકાઉન્ટ્સમાં પ્રાઈવેટ એકાઉન્ટ સેટિંગ્સ તેમજ કેટલાક રિસ્ટ્રિક્શન ઉપલબ્ધ છે. હવે લાઈવ થવા માટે મમ્મી-પપ્પાની પરવાનગી લેવી પડશે. કોઈ ફિલ્ટર વાલી દ્વારા લગાવ્યું હોય તો તેને હટાવવા માટે પણ પરવાનગી જરૂરી રહેશે.

### વિકસિત દેશો સાથે વેપાર વધારવા પર ફોકસ

# ભારત હવે ચીન પાસેથી નથી ઇચ્છતું વધુ રોકાણ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

કેન્દ્રિય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતુ કે ભારતમાં હવે ચીન પાસેથી અત્યાર સુધીમાં જંગી રોકાણ આવ્યુ નથી અને સરકાર પણ ચીન પાસેથી મોટુ રોકાણ પ્રાપ્ત કરવાના પક્ષમાં નથી. તેમણે કહ્યુ કે નિષ્પક્ષ વેપારમાં ભરોસો રાખે છે અને જ્યાં આપણને વેપાર અને રોકાણનો સમાન હિસ્સો મળે તે રીતે ભારતની અર્થવ્યવસ્થા એ વિકસિત દેશો સાથે જોડાય એવુ અમે ઇચ્છીએ છીએ. કાર્નેગી ઈન્ડિયા વર્લ્ડ ટેક્નોલોજી સમિટને સંબોધતા ગોયલે કહ્યું કે, દરેક વસ્તુ પરસ્પર વિશ્વાસ, પરસ્પર લાભ અને સમાનતા પર આધારિત હશે. ગોયલે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફને કારણે વૈશ્વિક વેપાર પ્રણાલીમાં આવેલા ફેરફારોનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેમને આમાં કોઈ મોટી સમસ્યા દેખાતી નથી, પરંતુ આ પરિવર્તન વિશ્વ માટે ફાયદાકારક છે. કેન્દ્રીય મંત્રીએ વધુમાં કહ્યું કે, ભારત તેના હિતોનું રક્ષણ કરશે. અમારા માટે ભારત પ્રથમ આવે તે આપણા હિતમાં હશે, અમે તે મુજબ અમારી નીતિઓમાં ફેરફાર કરીશું. હાલમાં ચીનમાંથી ભારતમાં ભાગ્યે જ કોઈ વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) આવી રહ્યું છે. છેલ્લા ૨૫ વર્ષથી પણ આવી જ સ્થિતિ છે. જ્યારે ચીન માટે દરવાજા ખુલ્લા હતા ત્યારે પણ ભારતમાં વધારે રોકાણ આવ્યું ન હતું. હાલમાં અમે ચીન તરફથી કોઈ મોટા રોકાણને પ્રોત્સાહિત કરી રહ્યાં નથી. આ અમારી વર્તમાન નીતિ છે. તેમણે કહ્યું હતું કે, અમારો પ્રયાસ એ વિકસિત દેશો સાથે અમારી અર્થવ્યવસ્થાને જોડવાનો છે, જે વાજબી વેપારમાં વિશ્વાસ રાખે છે, પ્રમાણિક વ્યાપારી પદ્ધતિઓનું પાલન કરે છે અને જ્યાં અમને વેપાર કરવા અને રોકાણ કરવાની સમાન તકો મળે છે. દરેક વસ્તુ પરસ્પર વિશ્વાસ, પરસ્પર લાભ અને આપવા અને લેવાની ભાવના પર આધારિત હશે. તેથી મને નથી લાગતું કે આનાથી ટૂંકા ગાળાની અસ્થિરતા સિવાય કોઈ મોટી કટોકટી સર્જાશે.

# ગ્રીન કાર્ડ અને H-1B વિઝાની રાહ જોતા ભારતીયોને મોટો ઝટકો

### બુલેટિનમાં જણાવાયું છે કે ભારતીયો માટે એમ્પ્લોયમેન્ટ-બેસ્ડ ફિફ્થ પ્રેફરન્સ કેટેગરીમાં ભારે ઘટાડો જોવા મળ્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૩ ।




અમેરિકાના વિદેશ વિભાગે આગામી મહિને એટલે કે મે ૨૦૨૫નું વિઝા બુલેટિન બહાર પાડ્યું છે. આ બુલેટિનથી H-1B અને ગ્રીન કાર્ડની રાહ જોઈને બેઠેલા ભારતીયોને મોટો ઝટકો લાગ્યો છે. બુલેટિનમાં જણાવાયું છે કે ભારતીયો માટે એમ્પ્લોયમેન્ટ-બેસ્ડ ફિફ્થ પ્રેફરન્સ (EB-5) કેટેગરીમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. ભારત EB-5 અનરિઝર્વ્ડ કેટેગરીમાં છ મહિનાથી વધુ પાછળ ગયું છે. તેનો અર્થ એ થયો કે ગ્રીન કાર્ડ મળવામાં હવે વધુ વાર લાગશે. પહેલા આ કેટેગરી ચાલુ હતી જેનાથી ભારતીયો કોઈ પણ વિલંબ વગર ગ્રીન કાર્ડ માટે અરજી કરી શકતા હતા. હવે ફક્ત એવા લોકો આગળ વધશે જેમની પ્રાયોરિટી ડેટ ૧ મે ૨૦૧૯ કરતા પહેલાની છે. બાકીના અરજીકર્તા એક વધતા બેકલોગમાં ફસાઈ જશે. મે વિઝા બુલેટિન મુજબ એમ્પ્લોયમેન્ટ-બેસ્ડ ફિફ્થ પ્રેફરન્સ(EB-1) કેટેગરીમાં ફેરફાર થયો નથી. ભારત માટે EB1 ની કટઓફ ડેટ ફેબ્રુઆરી ૨૦૨૨ છે. ચીન માટે તે ૮ નવેમ્બર ૨૦૨૨ છે, જ્યારે બાકી તમામ દેશો માટે ઈમ્૧ કેટેગરી હજુ ચાલુ છે. એમ્પ્લોયમેન્ટ-બેસ્ડ ફિફ્થ પ્રેફરન્સ (EB2) કેટેગરીમાં કોઈ ફેરફાર નથી. ભારતની કટઓફ ડેટ ૧ જાન્યુઆરી ૨૦૧૩ પર સ્થિર છે. ચીનની EB2 કટઓફ ડેટ ૧ ઓક્ટોબર ૨૦૨૦ છે. આ ઉપરાંત બાકી તમામ દેશો માટે ઈમ્૨ કટ ઓફ ૨૨ જૂન ૨૦૨૩ પર છે. એમ્પ્લોયમેન્ટ-બેસ્ડ ફિફ્થ પ્રેફરન્સ (EB-3) કેટેગરીમાં ભારતની કટઓફ ડેટ થોડી આગળ વધીને ૧૫ એપ્રિલ ૨૦૧૩ થઈ ગઈ છે. જેમાં ચીન માટે કોઈ ફેરફાર નથી અને આ નવેમ્બર ૨૦૨૦ પર છે. અમેરિકામાં બાકી તમામ દેશો માટે EB3 કટઓફ ડેટ ૧ જાન્યુઆરી ૨૦૨૩ પર સ્થિર છે. EB3 અન્ય વર્કર્સ કેટેગરીમાં ભારતની કટઓફ ડેટ EB3 બરાબર ૧૫ એપ્રિલ ૨૦૧૩ છે. ચીન માટે કટ ઓફ ડેટ એપ્રિલ ૨૦૧૭ છે. બાકી દેશો માટે ઈમ્૩ અન્ય વર્કર્સ કટ ઓફ ડેટ ૨૦૨૧ પર છે. એમ્પ્લોયમેન્ટ-બેસ્ડ ફિફ્થ પ્રેફરન્સ (EB4) કેટેગરી તમામ દેશો માટે 'અનુપલબ્ધ' છે. આ નાણાકીય વર્ષ માટે આ કેટેગરીના તમામ ઈમિગ્રેન્ટ વિઝા ઉપયોગ થઈ ચૂક્યા છે. આથી તે ૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ નવા નાણાકીય વર્ષની શરૂઆત સુધી ઉપલબ્ધ ન રહે તેવી શક્યતા છે. EB5 કેટેગરીમાં ભારતની અનરિઝર્વ્ડ કટઓફ ડેટ પાછળ જઈને ૧ મે ૨૦૧૯ થઈ છે.

## તંત્રી લેખ...

### ઉત્તર ભારતમાં જળાશયોની ક્ષમતામાં ઘટાડો ચિંતાનો વિષય

ગયા વર્ષની રેકોર્ડ તોડ ગરમી બાદ ૨૦૨૫ની શરૂઆતથી જ તાપમાનને લઈને જે આશંકાઓ વ્યક્ત કરાઈ રહી હતી, તેને સાચા પડતા જોવું અનપેક્ષિત ન હોવા છતાં પણ ચિંતાઓ વધારનારું તો છે જ. ગત ફેબ્રુઆરીએ પહેલેથી જ ૧૯૦૧ બાદ સૌથી ગરમ ફેબ્રુઆરી જાહેર કરાઈ ચૂક્યો છે અને હવે રવિવારે દેશના પાંચ રાજ્યોના ૨૧ શહેરોમાં અધિકતમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચવાને માત્ર એક હવામાન બદલાવ માનીને અવગણના ન કરી શકા. આ દરમ્યાન, ઓસ્ટ્રેલિયાની ન્યૂ સાઉથ વેલ્સ યુનિવર્સિટીના તાજા અધ્યયનમાં ચેતવણી આપવામાં આવી છે કે જો ધરતીનું સરેરાશ તાપમાન ચાર ડિગ્રી સેલ્સિયસ વધી જાય છે, તો ૪૦ ટકા વૈશ્વિક સંપત્તિના નષ્ટ થવાનો ખતરો છે, જ્યારે અત્યાર સુધીની શોધ ૧૧ ટકા નુકસાનની જ વાત કહેતા આવ્યા છે.

## હું શું છું?

એક મંદિરમાં સરસ મજાની કૃષ્ણ ભગવાનની મૂર્તિ હતી સુંદર દેખાવ, સુંદર વસ્ત્ર, સુંદર મોરલી, મુકુટમાં મોર પંખ, સરસ મજાના આભૂષણ એકદમ મનમોહન મૂર્તિ મંદિરમાં ઘણા બધા લોકો દર્શન કરવા આવતા હતા ને જતા હતા. મેં ત્યાં ભક્તોની ભીડ જોઈ દરેક વ્યક્તિ હાથ જોડી ભગવાનની મૂર્તિ સામે જોઈ કંઈક ને કંઈક વિચાર કરતા હતા અને મનમાં કંઈક માંગતા હોય કંઈક ફરિયાદ કરતા હોય કંઈક કહેતા હોય એવું લાગ્યું. ભગવાનની મૂર્તિ એક જ હતી વ્યક્તિઓ અનેક હતા દરેક મૂર્તિની સામે જોઈ બે હાથ જોડી પોતાના નજરીયાથી ભગવાનને જોતા હતા કોઈ તેના અધૂરા સપના માંગતા હતા. કોઈ પોતાની ભૂલો સ્વીકારતા હતા. કોઈ મૂર્તિની સુંદરતા જોતા હતા. કોઈ એની લીલા ને યાદ કરી હશે છે કોઈ તેના રૂપને જોઈ હરખાય છે કોઈ એના મુરલીના મધુર અવાજનો અનુભવ કરે છે કોઈ મુકુટ પર શોભતું મોર પંખને જોવે છે કોઈ સુંદર વસ્ત્ર ને જોવે છે કોઈ તેની લીલાપર મોહિત છે તો કોઈ એના કપટથી ક્રોધિત છે કહેવાનો તાત્પર્ય કે ભગવાનની મૂર્તિ એક જ છે એના દર્શન કરનાર વ્યક્તિઓ અનેક છે અને બધાના વિચારો પણ અલગ અલગ છે જોવાનો નજરીઓ પણ અલગ અલગ છે બસ બધાની જોવાની વિચારવાની રીત અલગ છે ભગવાનને કોઈ ફરક નથી પડતો કે તમે શું જુઓ છો? શું વિચારો છો? એમના વિશે શું બોલો છો?એવી રીતે જ તમે શું છો? તમારું પૂર્ણ સ્વરૂપ તમે જાણો છો? કે હું શું છું? લોકો તમને અલગ અલગ નજરોથી જોવે છે તમારા વિશે વાતો કરે છે કહેવાનો તાત્પર્ય કે કોઈ ગમે તે તમારા વિશે બોલે એ સારું કે ખરાબ પણ તમે તમારું પૂર્ણ સ્વરૂપ તમે જાણો .કે હું શું છું? કોઈ વ્યક્તિ આપણા વિશે ખરાબ બોલે કે સારું બોલે એના પર વધારે ધ્યાન ન આપતા સ્વયમને ઓળખો લોકો શું વિચારે છે એના પર ધ્યાન ન આપો. તમારી બુરાઈ એ જ લોકો કરશે જે તમને ઓવરટેક નથી કરી શકતા જે તમારી સફળતાથી જલે છે કોઈ આપડી બુરાઈ કરે કોઈ સારું બોલે તો ખુશી અનુભવીએ અને ખરાબ બોલે તો દુઃખી થઈ જઈએ મતલબ તમારી જીવનની ડોર તમે લોકોના હાથમાં આપેલ છે લોકોના હાથમાં તમારું રીમોટ કંટ્રોલ ન હોવું જોઈએ તમે તમારી જાતને એવી રીતે તૈયાર કરો. દરેક મુશ્કેલીઓનો સામનો કરવો જીવનમાં ખુદ પર સંયમ હોવો જરૂરી છે મુશ્કેલી આવવી એ પોતાના ગ્રોથ માટે સારી વાત છે જો જીવન સરળ હશે તો જિંદગીથી શીખીશું શું?



વિશેષ
લેખિકા : દર્શના પટેલ (નેશનલ એથલીટ) અમદાવાદ

પહેલા એ જાણો કે તમારી અંદર અને બહાર શું છે ? સદગુરૂજી એ એક સરસ મજાની વાત કહી છે કે તમે તમારી અંદર કેવી રીતે જશો? તમે કોઈ હોલમાં આવી શકો છો કે બહાર જઈ શકો છો પણ તમે તમારી અંદર કેવી રીતે જશો ઉ.દા તરીકે રાત્રે રોજ સુતા પહેલા જે પણ તમે નથી તેને બાજુમાં મૂકી દો એ તમારા માટે ખૂબ જ કીમતી હોય તો પણ બાજુમાં મૂકીદો દા.ત(૧) મારું ઘર.. શું તમે ઘર છો? ના તો એ બાજુમાં મૂકી દો (૨) તમારી પત્ની કે તમારા પતિ એ તમે છો?.. ના તો એ પણ બાજુમાં મૂકી દો (૩) તમારા બાળકો.. શું એ તમે છો?. ના..(૪) એવી રીતે તમારી દરેક વસ્તુ ,કપડા ,શૃંગાર ..એ તમે છો?.. શરીર જે તમે પહેરો છો એ તમે છો?. નથી કોઈપણ વિચાર ભાવના એ તમે છો? ના એ તમે નથી? જે પણ તમે નથી એને બાજુમાં મૂકી દો ભૌતિક રૂપથી નહિ પણ દિમાગથી એ કરી જુઓ .બધું જ બાજુમાં મૂકી દો જોવો બધું તમે સાઈડ પર મૂકી દેશો જે તમે નથી તો એ ત્યાં જ હશે. આપણી પાસે એવા ઘણા વિચાર છે જે આપણે અનુભવ્યા નથી. આ એક મોટી સમસ્યા છે દરરોજ આનો અભ્યાસ કરો. એક દિવસ તમને સફળતા મળશે. મારું હોવાનો અહંકાર છે બંધન, મોહ માયા છે વાસ્તવમાં તમારું છે જ નહીં. એક વ્યક્તિને પૂછવામાં આવ્યું શું દુર છે મુંબઈ કે ચાંદ? એ વ્યક્તિએ જવાબ આપ્યો મુંબઈ દૂર છે પેલા વ્યક્તિએ આશ્ચર્યથી પૂછ્યું કેવી રીતે? એ વ્યક્તિએ જવાબ આપ્યો હું મુંબઈને જોઈ નથી શકતો ચાંદ ને જોઈ શકું છું એટલે એ નજીક છે મારા માટે. તાત્પર્ય આપણે આપણા સૌથી નજીક છીએ આપણા જીવન પર ધ્યાન આપવું બીજા નું ધ્યાન આપણા જીવન પર કેન્દ્રિત કરવાનો પ્રયત્ન ન કરવો પોતાના જીવન વિશે ઘણી વખતે તમે બીજાને પૂછો છો. ને તમારા વિશે કોઈ તમને પૂછે તો તમારી પાસે લિમિટેડ શબ્દો હશે . પણ જો તમને બીજાના વિશે પૂછવામાં આવે તો તમે ઘણું બધું એના વિશે કહો છો.તમે તમારા વિશે ઘણું બધું નથી જાણતા અને તમે તમારા વિશે નથી જાણતા એ મોટી સમસ્યા નથી પણ બીજા વ્યક્તિઓ વિશે વધારે જાણો છો એ મોટી સમસ્યા છે એટલે પહેલા પોતાની જાતને અરીસામાં જુઓ પોતાની જાતને જાણો જુઓ સમજો સ્વીકારો સત્ય એ જ છે આંખ ખોલીને જીવનને જોવું જીવન બહુ સરળ ચીજ છે દૂર નથી નજીક નથી જે છે એ તમારી પાસે જ છે. ક્યારેક એકલા તમારી આજુબાજુ માં રસ્તા પર કે છત પર ઉભા રહી જુઓ આજુબાજુની ચાલતી ક્રિયાઓને કે શું ચાલી રહ્યું છે? લોકો તમને દેખાય છે એ બધા તમને સુખી જ દેખાય છે? એ સવારથી સાંજ પોતાના કાર્યોમાં વ્યસ્ત છે એ લોકો કરે છે એ જ તમારે નથી કરવાનું પણ તમે કંઈક નવું જાણવાનો પ્રયત્ન કરો લોકો જે કરે છે એ જ તમારે કરવું લોકો તહેવારો ઉજવે છે એટલે તમે પણ ઉજવો છો પણ કેમ ઉજવો છો? શા માટે? ક્યારેક પૂછો પોતાની જાતને કોઈ નવા વિચારધારાથીજીવનને સમજવાનો પ્રયત્ન કરવો જીવનનો દરેક પળ કંઈક શીખવે છેસૌપ્રથમ સ્વને જાણવાનો ઓળખવાનો સમજવાનો પ્રયત્ન કરવો અને જીવનની મજા માણવી. લોકોના શબ્દો કે વ્યવહારનો આપણા જીવનમાં કોઈ પ્રભાવ ન પડવો જોઈએ ખરાબ કે સારા. માનીલો કે તમે સિંહ જોયો જો સિંહને તમે નહીં ખાઓ તો એ પણ તમને નહીં થાય? એ તો તમને ખાઈ જશે ને તમે બીજાની બુરાઈ નહીં કરો તો એ પણ તમારી બુરાઈ નહીં કરે એવા બ્રહ્મ માં ન જીવવું એ તો કરશે જ જિંદગી બદલવી છે તો પોતાના પર ધ્યાન આપો.

**આપણે ૮૪ લાખ યોનીની વાત કરી! હવે મનુષ્ય બન્યા પહેલાં એ બધાં જન્મોમાંથી પસાર થઈને આવ્યા છીએ**

# સિદ્ધિ નહીં પણ શુદ્ધી જ તત્વતઃ બ્રહ્મ સુધી પહોંચવાની પ્રથમ શરત છે !



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણે પણ આ નવ દિવસ આપણાં ઘટમાં તત્વ રૂપે રામ ને જમાવવા કંઈક વિશિષ્ટ અભિયાન આદર્યું હતું! એટલે કે આપણું આ કુંડલીની જાગરણ નિમિત્તે કરાયેલું અનુષ્ઠાન કે અભિયાન સમાપ્ત થયું! યોગ એટલે ભોગ ઉપભોગ ત્યજીને સાધન વગર કરવામાં આવતી સાધના! કે જેમાં બધું જ ધારવાનું હોય છે! ઈશ્વર તત્વની પણ જ્યાં માત્ર ધારણા છે!**

સૌપ્રથમ તો સિદ્ધી નહીં પણ શુદ્ધી માટે આદરેલા આ ચૈત્રી નવરાત્રીના અનુષ્ઠાનની પૂર્ણાહુતિએ સદગુરુ ચરણોમાં કોટી કોટી વંદન કરું અને આપ સૌને પણ મારા પ્રેમ પ્રણામ. સદગુરુ કૃપાથી લખાતાં ચિંતન માટે ઘણા પ્રતિભાવ આવે છે! જીવ સહજ ખુશ થવાય પણ અંતે તો માતાપિતાનાં ચીંધેલા માર્ગ પર ચાલીને સંસ્કાર નિભાવવાનો સંતોષ છે! મમ્મીનું પૂજા સમયનું નાનકડું વાક્ય, હે ઠાકોરજી માની લેજો! એટલે કે, અમે સંસારી છીએ એટલે સંયમ નિયમ તૂટે! પણ તમે એને નજર અંદાજ કરીને અમારો ભાવ જોજો. બીજું પપ્પા જમ્યા પછી રોજ બોલતાં, હે ઈશ્વર મીઠું રોટલી આપી રહેજે! ત્યારે એ પણ ન સમજાતું, પણ આજે સમજાય છે કે, મીઠું રોટલી મળશે ત્યાં સુધી, સત્ય, નીતિ, અને પ્રમાણિકતા નહીં છોડું. તો એ રીતે એમને યાદ કરીને પ્રણામ પાઠવી વિષય તરફ આગળ વધીએ. તો ચાલો જરાં જુદી રીતે રામને તત્વતઃ સમજવા કોશિશ કરીએ, કારણ કે ત્રેતા યુગથી આ કળિયુગ સુધી દશરથ નંદન, કૌશલ્યા કુંવર, રામને તો આપણે દર રામનવમી એ જન્માવતા આવ્યા છીએ, પરંતુ અંતરમાં હજી એ રામ તત્વનો અનુભવ જોઈએ તેટલો થતો નથી. ગઈકાલે રામનવમી હતી અને સમગ્ર વિશ્વમાં રામ જન્મોત્સવ ઉજવાયો, અને બાલ રામ અવતર્યા. રામનવમીના ચિંતનમાં આપણે જોયું હતું કે, ત્રેતાના એ કાળમાં રામ તત્વને વિશ્વ વંદનીય બનાવવા માટે શ્રીરામના અનુજ લક્ષ્મણ એટલે જાગૃતિ અને તેની પત્ની જાનકી એટલે પ્રિતી, ભક્તિ, અને શાંતિ ઉપરાંત હનુમાનજી એટલે શરણાગતિ જરુરી છે! શ્રીરામના જન્મ માટે દશરથ અને કૌશલ્યા બનવું બહુ જ અનિવાર્ય છે, પરંતુ આ બાલરામને શ્રીરામ બનાવવા માટે માતા કૈકેયી, માતા સુમિત્રા, જાનકી, ગુરુ વશિષ્ઠ ગુરુ વિશ્વામિત્ર, સુમંત્ર, ભરત, લક્ષ્મણ, અને એ ત્રણેયની પત્ની માંડવી, ઉર્મિલા, શ્રુત કિર્તી, અને મંથરા એવાં કેટલાંય ચરિત્રો અનિવાર્ય છે. પણ સાથે સાથે અયોધ્યાની પ્રજા અને ૧૪ વર્ષના વનવાસ દરમિયાન જેટલા જેટલા સાથે એમની મુલાકાત થઈ છે એ તમામ. આ ઉપરાંત હનુમાનજી સુગ્રીવ અંગદ જાંબુવંત નલ નીલ અને બીજા કેટલાય વાનર! સુતીષ્ણ માતા શબરી! અને રાવણ મંદોદરી, શૂર્પણખા, કુંભકર્ણ વિભીષણ મેઘનાદ અને એનાં બીજા પુત્રો! લંકામાં વસતા તમામ રાક્ષસો તેમજ હનુમાનજીના માર્ગના અવરોધ બનતા તમામ ચરિત્રો! આ વાતનું સમર્થન કરવા જરા જુદી રીતે ચિંતન કરીએ તો અમુક ચરિત્રો ગુણવર્ધક હતા તો અમુક ચરિત્રો અવગુણ ધરાવતા હતાં. પણ આજના સમયમાં આપણે રામ તત્વને કંઈ રીતે મુલવી શકીએ! અથવા તો આપણા ઘટમાં રામ તત્વ જન્મ્યું છે કે નહીં? એની ખાતરી કઈ રીતે કરી શકીએ! તો



આ ગુણ અવગુણ ધરાવતા બંને પક્ષોને જે સમાન દ્રષ્ટિએ જોવે, પરમાત્માની લીલાનું કારણ સમજી સૌ સાથે જે સમાન અનુબંધ બાંધી શકે, એનામાં જ રામ તત્વ ઉજાગર થયું છે એ સાબિત થાય. આપણે પણ આ નવ દિવસ આપણાં ઘટમાં તત્વ રૂપે રામ ને જમાવવા કંઈક વિશિષ્ટ અભિયાન આદર્યું હતું! એટલે કે આપણું આ કુંડલીની જાગરણ નિમિત્તે કરાયેલું અનુષ્ઠાન કે અભિયાન સમાપ્ત થયું! યોગ એટલે ભોગ ઉપભોગ ત્યજીને સાધન વગર કરવામાં આવતી સાધના! કે જેમાં બધું જ ધારવાનું હોય છે! ઈશ્વર તત્વની પણ જ્યાં માત્ર ધારણા છે! એટલે કે હજી કોઈ ઠોસ પ્રતિતિ નથી. પણ જગત મિથ્યા છે, કે સંસાર સાર વગરનો છે, અથવા મારા જીવનનું નિયત કર્મ શું છે? સમગ્ર સૃષ્ટિ સંચાલનનું રહસ્ય શું છે? શું હું સાચે જ ૮૪ લાખ યોનીનું ભ્રમણ કરીને માનવ જન્મ સુધી પહોંચ્યો છું? આવાં કોઈ સવાલના જવાબ માટે જો યોગ સાધના કે આધ્યાત્મિક ચિંતનનો આરંભ થયો હોય, તો એ ખરેખર કોઈ અનૂભૂતિ ગમ્ય પરિણામ આપે છે, અને સિદ્ધિ નહીં પણ તત્વતઃ બ્રહ્મ સુધી પહોંચવા શુદ્ધિની જરુરત છે, એ સત્ય સુધી અવશ્ય પહોંચી શકાય છે. ઉપર આપણે ૮૪ લાખ યોનીની વાત કરી! હવે મનુષ્ય બન્યા પહેલાં એ બધાં જન્મો માંથી પસાર થઈને આવ્યા છીએ, કે મનુષ્ય માંથી માનવી ન બની શક્યા માટે હવે એ બધી શ્રેણીઓમાંથી પસાર થવાનું છે! એ આપણે જાણતા નથી. પરંતુ આપણી આસપાસની જીવસૃષ્ટિ ઉપરાંત અસંખ્ય કીટકો, પશુ, પંખીઓ, એકકોષી બહુકોષી ભૂચર, જળચર, અને જેની આપણને કલ્પના પણ ન હોય એવા તમામ જીવ થઈને ૮૪ લાખ થાય છે, એ વાત તો સાચી માની શકાય. પણ મને લાગે છે કે એ બધાં અન્ય જીવ જે સ્વરૂપે જન્મ્યા હોય એ જ સ્વરૂપે આખું જીવન જીવે છે. એટલે કે કીડી કીડી થઈને જ મરે છે, અને વાઘ વાઘ થઈને જ! પણ આપણી દિનચર્યા નું આપણે ચિંતન કરીએ તો મને લાગે છે કે મનુષ્ય એક જ જન્મમાં ૮૪ લાખ યોનીના જીવનાં સ્વરૂપને ક્યારેક ને ક્યારેક તો ધારણ કરી જ લે છે. ક્યારેક આપણે કુતરા જેમ ભસતાં હોઈએ છીએ, તો ક્યારેક બિલાડી જેમ ચૂપચાપ કોઈનું હજમ કરી જતાં હોઈએ છીએ, ઉંદર જેમ સારું ખરાબ વિચાર્યા વગર કાપકૂપ કરતાં હોઈએ છીએ, તો ક્યારેક ભેંસ જેમ આળસુ બની પડ્યા રહીએ છીએ! ક્યારેક સાપ જેમ ઝેર ઓકતા હોઈએ છીએ! હાં ક્યારેક ગાય બની સ્વાર્થ વગર અન્યનું પોષણ પણ કર્યું હશે, તો ક્યારેક તો સિંહ વાઘથી પણ વધુ હિંસક થઈ ધાતકી બની ન કરવાં જેવું કરતાં હોઈએ છીએ! હાથી જેમ ઉદરમાં કેટલુંય નાખ્યું પણ ઉદાર ન બની શક્યા! બાકી અન્ય જતું અને કિટકની સંકુચિતતાથી નીંદા, કુથલી, ઈર્ષા, અને બીજા એ કેટલાય ભાવનો કચરો માનસમાં ભેગો કરતાં હોઈએ છીએ! જેમ જેમ ચિંતન કરતા જઈશું તેમ તેમ આપણા જીવનનાં એક પછી એક પાનાંઓ ખુલશે અને આપણી સામે આ સત્ય પ્રકાશિત થશે! અને આપણને ખ્યાલ આવશે કે આપણે સ્વધર્મ ચૂકી ગયા! એટલે કે કીડી કીડી તરીકે જ જન્મી હતી ને કીડી તરીકે જેનું મોત થયું. પરંતુ આપણી છેલ્લી અવસ્થામાં શરીરથી ભલે મનુષ્ય હોઈએ પણ આપણે ક્યાં આંતર સ્વરૂપે હોઈશું, એ આપણે જાણતા નથી! અને એટલે જ હદયમાં રામ તત્વનો જન્મ થવો અનિવાર્ય છે! કારણકે આ એક જ તત્વ એવું છે, જે આપણને સ્વધર્મમાં રોકી રાખે છે. આપણને કુતરા, બિલાડા, કે ઉંદર, ગરોળી, સાપ, ભેંસ, ગધેડા, જેવી શ્રેણીમાં જતા રોકે છે, અને એ જ રીતે માનસની સંકુચિતતા પણ ઘટે છે, એટલે કીડી, મકોડા, માખી, મચ્છર, જેવી માનસિકતા પણ ઓછી થતી જાય છે. આપણે મનુષ્યમાંથી માનવી ન બની શક્યાં એ માટેનું એક કારણ વિજ્ઞાન પણ છે! આપણે આપણી સુખ સુવિધા વધારવા માટે એવી એવી શોધ કરી કે જેને કારણે આપણી દ્રષ્ટિ ભોગમાંથી યોગ તરફ ગઈ જ નહીં! હા ચોક્કસ સમયે સમયે ધાર્મિક મેળાવડા કર્યા, તહેવારો ઉજવ્યા, ઘરમાં દેવી-દેવતાઓના ફોટા રાખ્યા, નિયત સમયે ધૂપ દીપ કર્યા. નિયમ અનુસાર નામ કે જાપ પણ કર્યા, પરંતુ એ બધું જ કરવા ખાતર કર્યું, હોવાથી પરિણામ એટલું ફળદાયી મળ્યું નહીં, અને આપણે મનુષ્યમાંથી માનવી બની શક્યા નહી! બાપુ કહે છે તેમ આ યુગ તો પ્રેમયુગ છે! આ યુગ તો કથા યુગ છે! આપણી વ્યથા ભૂલ્યા વગર કથાનું મહત્વ સમજાતું નથી, તો વ્યથાનું દામન પકડી બહુ જીવ્યાં, અને સંજોગોના ખૂબ રોદણાં રોયાં, હવે એ છેડો જ ફાડી નાખીએ કે જે સતત વેદના આપે છે, એટલે કે ભૂતકાળની એ તમામ સ્મૃતિઓ ભૂલીને, વર્તમાનમાં સ્થિર થઈએ કે હજી આપણે શું કરી શકીએ તેમ છીએ? અને એવા એક નવા અભિગમ દ્વારા અંતરમાં રામ તત્વને આપણે સૌ જન્માવીને પુરા વિશ્વમાં શાંતિનું સામ્રાજ્ય સર્જી શકીએ તેમ છીએ, તો એ તરફ આપણા ડગલા પડે, તો જ તત્વતઃ રામ અંતરમાં જન્માવી શકીશું. જય સીયારામ.

**ઈશ્વરની મર્યાદા સૂર્ય-ચંદ્ર-સમુદ્ર છોડતા નથી, તો મનુષ્ય કેમ છોડી શકે? મનુષ્યને પ્રભુએ ઘણી સુખસમૃદ્ધિ આપી છે**

# પરિસ્થિતિ તમને સાચવી લેતો એ કિસ્મત છે, પણ પરિસ્થિતિ ને તમે સાચવી લો તો એ તમારી સમજણ છે



વિશેષ
ચંદ્રપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કોઇપણ સત્કાર્ય બાર વર્ષ નિયમ પૂર્વક કરવામાં આવે, તો તેનું ફળ અવશ્ય મળે છે. શંકરાચાર્ય પણ શ્રીકૃષ્ણની માનસીસેવા કરતા ભરતજી માનસી સેવા કરતાં તેમાં તન્મય થાય છે, સેવા કરતાં કરતાં કંટાળો આવે તો ધ્યાન કરે અને કીર્તન કરે, પ્રભુની પાછળ પડે એને માયા ત્રાસ આપે છે, પણ સંસાર ના વિષયોમાં ફસાયેલાને, માયાના પ્રવાહમાં પડેલાને માયા ત્રાસ આપતી નથી.**

આજે સોમવાર કાળઝાળ ગરમીનો પ્રકોપ જીવસૃષ્ટિમાં જોવા મળે છે ખરેખર આ ગરમી થોડી વધે એટલે હવામાનમાં પલટો આવી જાય છે આપણે તમિલનાડુમાં કેટલાક જંગલોનો નાશ થતાં અબોળજીવોની કફોડી હાલત થઈ ગઈ છે ત્યારે શું આપણે ફક્ત પૃથ્વી લોક પર વિનાશ વેરવા જ આવ્યા છીએ. કુદરતે આપણને રક્ષક તરીકેની જવાબદારી સોંપી અહીં મોકલ્યા છે તે બરોબર નિભાવીએ. આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સમસ્ત સ્થાવર-જંગમનો આત્મા સૂર્ય છે. સૂર્યનારાયણની કૃપાથી બુદ્ધિ સુધરે છે. માટે સૂર્યનારાયણ ની ઉપાસના કરવી જોઈએ. આપણે સર્વ સૂર્યનારાયણના ઋણ માં છીએ.સૂર્યનારાયણ સમસ્ત જગતને પ્રકાશ આપે છે, પણ તે વીજળી કંપની માફક બિલ મોકલતા નથી.સૂર્યભગવાન રવિવારે પણ રજા લેતા નથી.જે દિવસે તે રજા લેશે,તે દિવસ જગતનો પ્રલય થશે. સૂર્યપરમાત્મા નું સાકાર સ્વરૂપ છે. એક દિવસ મનુષ્યો અને કાગડાઓમાં ઝઘડો થયો. કાગડો કહે, તમારામાં બુદ્ધિ વધારે છે,પણ તમારા કરતાં એક ગુણ અમારામાં વધારે છે.અમે સૂર્યોદય પહેલાં ઊઠીએ છીએ. આમ કાગડો મનુષ્ય કરતાં શ્રેષ્ઠ સાબિત થયો. સૂર્ય ઊગતાં પહેલાં સ્નાન કરી સૂર્યનારાયણને અર્ધ્ય દાન કરો. ઈશ્વરની મર્યાદા સૂર્ય-ચંદ્ર-સમુદ્ર છોડતા નથી, તો મનુષ્ય કેમ છોડી શકે? મનુષ્યને પ્રભુએ ઘણી સુખસમૃદ્ધિ આપી છે. વનમાં ભરતજી દ્વારિકાધીશની માનસી સેવા કરે છે.પહેલા પ્રત્યક્ષ સેવા કરેલી એટલે હવે માનસી સેવા કરે છે. માનસી સેવા સહેલી નથી.શરીરથી વધારે પાપ થતું નથી વધારે પાપ થાય એ મનથી. એટલે માનસી ધ્યાન, માનસી સેવા શ્રેષ્ઠ છે. મનથી ઈશ્વરમાં તન્મય થવું તે માનસી સેવા. એક વખત એક વાણિયો ગુસાંઈ પાસે ગયો. જઈને કહે,બાપુજી, સેવા કરવા હું ખુશ છું, પણ કાંઈ ખર્ચ કર્યા વગર દેવસેવા થાય તેવું મને બતાવો.ગુસાંઈજીએ તેમને માનસી સેવા બતાવી અને કહ્યું,તું માનસી સેવા કરજે એટલે એક પૈસાનો ખર્ચ થશે નહીં. ફક્ત મન થી બધું ધારવાનું.હું ભગવાનને સ્નાન કરાવું છું, વસ્ત્ર પહેરાવું છું, પૂજા



કરું છું, ભોગ ધરાવું છું, ભગવાન આરોગે છે વગેરે મનથી ધારવાનું. વાણિયો ખુશ થઈ ગયો. ગુસાંઈજી કહે, સવારમાં એવી ભાવના કરવાની કે,ઠાકોરજી માટે હું યમુનાજીમાંથી જળ લઈ આવું છું. પછી યશોદાજી જેવી ભાવના રાખી બાળસ્વરૂપની સેવા કરવી. બાલ સેવામાં વાત્સલ્યભાવ મુખ્ય છે.સેવામાં ગાયનું દૂધ અને માખણ લાવવું. લાલાને મંગલ ગીત ગાઈને ઉઠાડવાનો. યશોદાજી લાલાને મનાવતાં, લાલા આટલું માખણ ખાઈ જા.તારી ચોટલી દાઉજી કરતાં મોટી થઈ જશે. તારે પણ એમ જ કરવું. ગરમ જળથી લાલાને માંગલિક સ્નાન કરાવવું. પછી ઠાકોરજીને શ્રૃંગાર કરવો. કનૈયાને પૂછવું, આજે કયું પિતાંબર પહેરાવું? કનૈયો કહે તે પિતાંબર પહેરાવવું. શ્રૃંગારમાં તન્મયતા થાય તો બ્રહ્મા નંદ જેવો આનંદ મળે છે, પછી કનૈયાને નૈવેદ્ય ધરવું. પછી ભાવના કરવી કે, લાલો આરોગે છે. તે પછી આરતી ઉતાર વી, તે પછી ક્ષમા પ્રાર્થના કરવી. ગુસાંઇજીના કહેવા પ્રમાણે વાણિયો શ્રીકૃષ્ણના બાલસ્વરૂપની માનસી સેવા કરવા લાગ્યો. રોજ પ્રેમથી માનસી સેવા કરે છે.એવો તન્મય થયો છે કે, બધી વસ્તુઓ એને પ્રત્યક્ષ દેખાય છે.માનસી સેવામાં મનની ધારા તૂટવી જોઈએ નહીં. કોઈ લૌકિક વિચાર આવે તો સમજવું કે, માનસી સેવાનો ભંગ થયો. વાણિયા એ બાર વર્ષ માનસી સેવા કરી. એક દિવસ કટોરામાં દૂધ લઈ આવ્યો. દૂધમાં ખાંડનાંખી વાણિયાને લાગ્યું કે,લાલાના દૂધમાં આજે ખારા વધારે પડી ગઈ છે. વાણિયાથી તે કેમ સહન થાય? સ્વભાવ કંજૂસ તે જાય કયાં? પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય છે. વાણિયાએ વિચાર્યું, દૂધમાંથી વધારે ખાંડ કાઢી લઉં તો બીજા ઉપયોગમાં આવશે,ત્યાં કટોરો ન હતો. ત્યાં દૂધ ન હતું,ખાંડ ન હતી પણ માનસી સેવામાં એટલો તન્મય થયો હતો કે,બધું પ્રત્યક્ષ દેખાય છે.દૂધમાંથી વધારાની ખાંડ કાઢવા લાગ્યો.વાણિયાએ બાર વર્ષ સુધી માનસી સેવા કરેલી, તેથી કનૈયાને આજે પ્રકટ થવાની ઈચ્છા થઈ.કનૈયો પ્રગટ થયો અને વાણિયાનો હાથ પકડયો.ખાંડ વધારે પડી ગઈ તો તારા બાપનું શું ગયું? કયાં એક પૈસાનો પણ ખર્ચ કર્યો છે? ભાગવત સ્પર્શ થયો અને પછી વાણિયો ભગવાનનો સાચો અનન્ય ભક્ત બન્યો. કોઈપણ સત્કાર્ય બાર વર્ષ નિયમ પૂર્વક કરવામાં આવે, તો તેનું ફળ અવશ્ય મળે છે. શંકરાચાર્ય પણ શ્રીકૃષ્ણની માનસીસેવા કરતા ભરતજી માનસી સેવા કરતાં તેમાં તન્મય થાય છે. સેવા કરતાં કરતાં કંટાળો આવે તો ધ્યાન કરે અને કીર્તન કરે.પ્રભુની પાછળ પડે એને માયા ત્રાસ આપે છે.પણ સંસાર ના વિષયોમાં ફસાયેલાને, માયાના પ્રવાહમાં પડેલાને માયા ત્રાસ આપતી નથી. માયા માને છે કે, આ તો મરેલો જ છે,એને શું મારવાનો?માયાની ગતિ વિચિત્ર છે. ભરતજી કેડપુર જળમાં ઊભા હતા. ઉનાળાની ઋતુ હતી. એક ગર્ભ વતી હરણી પ્રાતઃકાળમાં જળપાન કરવા આવી છે. તેવામાં સિંહે ગર્જના કરી.સિંહની ગર્જના સાંભળી હરણી ગભરાઈ.તેણે જીવ બચાવવા ગંડકી નદી ઓળંગી સામે કિનારે જવા જોર થી કૂદકો માર્યો. પ્રસવકાળ સમીપ આવેલો. આઘાતથી બચ્ચાને જન્મ થઈ ગયો.બચ્ચું નદીના જળમાં પડ્યું. હરણી સામે કિનારે પડી મૃત્યુ પામી. ભરતજીએ હરણબાળને નદીના જળમાં પડેલું જોયું. ભરતજીએ વિચાર્યું, આ હરણબાળની મા મરી ગઈ છે. તેનું હવે જગતમાં કોઈ નથી લાલનપાલન, રક્ષણ વગેરે કોણ કરશે? દયાવશ થઈ તેઓ હરણબાળને આશ્રમમાં લઈ આવ્યા. ભરતજી માનવા લાગ્યા કે, આ હરણ મારાવગર કોઈને ઓળખતું નથી. તેનું પાલનપોષણ, રક્ષણ કરવું એ મારો ધર્મ છે. આનો પિતા હું છું, મા પણ હું છું.જીવ માને છે કે, હું બીજાનું રક્ષણ કરું છું.અરે ભાઈ, તું શું રક્ષણ કરવાનો હતો?તું યે કાળનું ભોજન છે.રક્ષણ કરનાર તો એક કર્તાહર્તા શ્રીહરિ છે.સંહાર તથા પાલન કરનાર શ્રીહરિ છે.તમે ઘરમાં હોકે વનમાં, રક્ષણ કરનાર એક શ્રી હરિ છે. ભાગવતમાં જ એક ઠેકાણે કહ્યું છે કેઃપરમેશ્વરની કૃપા હોય તો જીવ અનાથ હોય કે વન માં હો તો પણ જીવે છે, અને પરમે શ્વરે મારેલો જીવ ઘરમાં સુરક્ષિત રીતે હોય તો પણ તે જીવતો રહેતો નથી, તે મરે છે. હરણબાળને પાણીમાંથી બહાર કાઢ્યું છે. ભરતજીનો ધર્મ હતો, પરંતુ એના રક્ષકપિતા છે એમ માનવા માંડ્યું તે સારું ન કર્યું. જીવમાત્રનો રક્ષક પિતા એક માત્ર ઈશ્વર છે. ભરતજી હરણનું લાલન પાલન કરવા લાગ્યા. ધીરે ધીરે હરણ મોટો થાય છે.હરણને રમો ને અને ગોદમાં બેસાડે. આનું નામ તે પૂર્વચિત્તિ અપ્સરા. જૂનાસંસ્કાર ભૂંસવા કઠણ છે. પૂર્વાવસ્થામાં છોકરાઓને ખૂબ રમાડેલાં,તેના સૂક્ષ્મ સંસ્કાર મનમાં છે.તેથી હરણ બાળકમાં મન ફસાયું.ભરતજીનું મન પ્રભુ ભજન માં હવે સ્થિર થતું નથી. ધ્યાનમાં બે મિનિટ પસાર થાય કે હરણ દેખાય છે.વાસનાનો વિષય બદલ્યો પણ વાસના તો મનમાં રહી જ.આના કરતાં ઘર શું ખોટું હતું? જ્ઞાનીને પણ મનને મારવું પડે છે. ભરતજીએ હરણ ઘરમાં ભલે રાખ્યો,તેમાં કશું અયોગ્ય ન હતું,પણ મનમાંરાખ્યો તે અયોગ્ય હતું જ્યાં જાવ ત્યાં સંસાર છે, પણ સંસારને મનમાં રાખશો નહીં. મનમાં કામને રાખો કે રામને રાખો, પણ બંનેને સાથે કદી રાખી શકાશે નહીં. તુલસીદાસજી કહે છે કે, સૂરજ અને રાત બે સાથે કેમ રહી શકે? વાચક ચાહક મિત્રો ભગવદ્ જ્ઞાનમાં આજે આટલું જ આવતી કાલે ફરી મળીશું અસ્તુ. જય માતાજી.

# આઠ વર્ષ પછી શરદ કેલકરની ફરી એક વખત ટીવીના પડદે એન્ટ્રી...

## ૧૯ વર્ષની એક મધ્યમવર્ગીય પરિવારની છોકરી અનુ, ૪૬ વર્ષના બિઝનેસ ટાયકૂન આર્યવર્ધની સ્ટોરી

ભારતીય સમાજમાં સંબંધો અને લગ્ન આજે પણ પુરાણી પરંપરાઓ, ઉંમર, આર્થિક સ્થિતિ અને સામાજિક પરિમાણોના આધારે નક્કી થાય છે. પરંતુ પ્રેમના કોઈ બંધન કે નિયમ નથી હોતાં, તેનો પોતાનો અલગ પ્રવાહ હોય છે, તેમાં વચ્ચે વચ્ચે બંધનો અને નિયમો તૂટતાં જાય છે. દાયકાઓથી ઘણી ટીવી ચેનલ ઓડિયન્સ સમક્ષ વિચાર પ્રેરક વાર્તાઓ અને કાર્યક્રમો લાવતી રહી છે, જે સંબંધોને નવી પરિભાષા આપતા રહે છે. આવો જ એક શો 'તુમ સે તુમ તક' શરૂ થઈ રહ્યો છે. જેમાં ઉંમર અને સમાજના બંધનો અને નિયમોથી ઉપર એક નવા પ્રકારની સ્ટોરી બતાવવામાં આવશે.આ સિરીયલમાં ૧૯ વર્ષની એક મધ્યમવર્ગીય પરિવારની છોકરી અનુ અને ૪૬ વર્ષના બિઝનેસ ટાયકૂન આર્યવર્ધની સ્ટોરી છે. અનુનાં મોટાં સપનાં છે અને તેના મૂલ્યો પાક્કા છે.



જ્યારે આર્યવર્ધને પોતાની જાતે પોતાની કારકિર્દી ખડી કરી છે, જે પોતાની શિસ્ત અને સંસ્કાર માટે જાણીતો છે. તેમની વચ્ચેના દેખીતા ઉમરના અને સામાજિક અંતર છતાં તેમની વચ્ચે પ્રેમ થાય છે. જે સમાડના દરેક બંધનને પડકારે છે. અનુનો રોલ નિહારિકા ચોકસે કરે છે, જ્યારે આર્યવર્ધનનો રોલ શરદ કેલકર કરે છે. આઠ વર્ષનાં લાંબા વિરામ પછી શરદ કેલકર ટીવીના પડદે પાછો ફરી રહ્યો છે. શરદ આ સિરીયલમાં એક સફળ બિઝનેસવપં પાત્ર કરતાં ઘણો ખુશ છે. જેને તેના ડ્હાપણ, આકર્ષક દેખાવ અને માનવતાના કારણે લોકો બહુ માન આપે છે. શ્રીમંત હોવા છતાં તે નિષ્ઠાવાન અને સંબંધને મહત્વ આપતો માણસ છે.શરદ કેલકરે આ શો માટે કહ્યું, "આઠ વર્ષે ટીવી પર પાછા ફરતા હું અતિ ઉત્સુક છું. હું યોગ્ય કામની રાહ જોઈ રહ્યો હતો અને આ શોની વાર્તા સાંભળી ત્યારથી આ શો મને પર્ફેક્ટ લાગ્યો છે.

# ફરી કેન્સરની જાહેરાત પછી તાહિરા કશ્યપ પર પ્રેમ અને પ્રાર્થનાનો વરસાદ

આયુષ્યમાન કષ્યપની પત્ની તાહિરા કશ્યપ બ્રેસ્ટ કેન્સરની પોતાની સફર અને લડત અંગે કેન્સરના દર્દીઓને નવી આશા આપવાનું કામ કરે છે અને તેમને આ કેન્સર સામેની લડત માટે પ્રેરણા પણ આપે છે. તેણે કેન્સરને માત આપ્યા બાદ ફરી પોતાની જાત પર કામ કરવાનું શરૂ કર્યું હતું. તેણે ફિલ્મ ડિરેક્શનમાં ડેબ્યુ પણ કર્યું હતું. પરંતુ આ લડતના સાત વર્ષ પછી ફરી તાહિરા બ્રેસ્ટ કેન્સરનો ભોગ બની છે. બુધવારે તાહિરાએ એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેને પ્રેમ અને હુંફ આપનારા તેમજ તેનાં માટે પ્રાર્થના કરનારાં લોકોનો આભાર પણ માન્યો હતો. તાહિરા કશ્યપે બે દિવસ પહેલાં સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે તેનાં બ્રેસ્ટ કેન્સરનો બીજો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. જેના પર અનેક લોકોએ કમેન્ટ્સ દ્વારા લાગણી વ્યક્ત કરી હતી. તેણે આભાર વ્યક્ત કરતી પોસ્ટમાં સૂર્યમુખીના ફુલ સાથે એક ક્યુટ સેલ્ફી શેર કરી હતી અને સૂર્ય પ્રકાશમાં તસવીરા ક્લિક કરી હતી. તેની કૅપ્શનમાં તાહિરાએ લખ્યું, "તમારા પ્રેમ અને પ્રાર્થનાઓથી તરબોળ થઈ ગઈ છું. આ બધું જાદુઈ છે. તમારો આભાર, આભાર, આભાર. ઘેર પાછી આવી ગઈ છું અને સાજી થઈ રહી છું. મને ખબર છે કે તમારામાંથી ઘણાં લોકો મારા માટે પ્રાર્થના કરતા હશે અને તેમાંથી ઘણાં એવા હશે જેમને હું ઓળખતી પણ નથી. તેમ છતાં તમારા બધાંનાં આશીર્વાદ અને શુભેચ્છાઓ મને મળી છે. એ જ રીતે તમારામાંના કેટલાંક મને ઓળખે છે અને કેટલાંક નહીં, પણ હું બધાનો આભાર માનવા માગું છું."અંતે તાહિરાએ લખ્યું હતું, "અને જ્યારે આવો નાતો બની ગયો હોય, જે ખરા સંબંધો પરથી ઉપર હોય, તેને જ માનવતા કહેવાય, જે કોઈ પણ આધ્યાત્મિકતાનું સૌથી શ્રેષ્ઠ સ્વરૂપ છે."તાહિરાની આ પોસ્ટ પર રાજકુમાર રાવ, મંદીરા બેદી, મહિમા ચૌધરી, બૂમિ પેડનેકર, દિવ્યા દત્તા, શમા સિકદર, ટ્વિંકલ ખન્ના, હિના ખાન, ગુનીત મોંગા, અપારશક્તિ ખુરાના, મૃણાલ ઠાકુર સહિત અનેક સેલિબ્રિટીઝે તેને શુભેચ્છાઓ આપી હતી.



# બોલિવૂડ પ્લેબેક સિંગર શાને ખોલ્યા રિયાલિટી શોના રાઝ

બોલિવૂડમાં યાદગાર રોમેન્ટિક ગીતો ગાનાર પ્લેબૅક સિંગર શાન ઘણા રિયાલિટી શોમાં જજની ભૂમિકા નીભાવી ચૂક્યો છે. જેમાં 'ધ વોઈસ ઓફ ઈન્ડિયા', 'મ્યુઝિક કા મહા મુકાબલા' અને 'સા રે ગા મા પા' તેમજ 'સા રે ગા મા પા લિ'લ ચેમ્પ' જેવા શોનો સમાવેશ થાય છે. ત્યારે તાજેતરના ઈન્ટરવ્યુમાં શાને રિયાલિટી શોના રાઝ ખોલી નાખ્યા છે. તેણે વિગતે વાત કરી કે આ સિંગિંગ રિયાલિટી શો કઈ રીતે બને છે.દર વર્ષે બે થી ત્રણ સિંગિંગ રિયાલિટી શો આવે છે, જેમાં દેશના અનેક યુવાનો ભાગ લે છે, પરંતુ આમાંથી કોઈક જ એવા હોય છે, જેઓ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સુધી પહોંચી શકે છે. આ અંગે શાને કહ્યું, "મને માત્ર કહેવાયું છે એવું નથી પણ હું સંપુર્ણ સહમત છું અને હકીકતથી વાકેફ છું કે એ લોકો ગીતોને ફરી ડબ કરે છે. મેં છેલ્લે ૨૦૧૮માં રિયાલિટી શોમાં કામ કર્યું હતું. ત્યારે પણ આવું ઘણું હતું. થોડો અવાજને ટ્યુનિંગ વધારી દેવાતું હતું. પણ હવે તો ગીત આખે આખું ફરી ડબ થાય છે. તો તમે જ્યારે સાંભળો ત્યારે તમને લાગે છે, વાહ! તમારી અપેક્ષાઓ પણ આકાશને આંબી જાય છે. પરંતુ જો તમે વાસ્તવિકતામાં કંઈ ગાવાનું કહેશો તો તમને અતિશય નિઃરાશા થશે." દર વર્ષે બે થી ત્રણ સિંગિંગ રિયાલિટી શો આવે છે, જેમાં દેશના અનેક યુવાનો ભાગ લે છે, પરંતુ આમાંથી કોઈક જ એવા હોય છે શાને આગળ કહ્યું, "ત્યાં જે ગાય છે, તે એક વાર જ હોય છે, પણ પછી તેઓ આ અવાજના રેકોર્ડિંગ સ્ટુડિયોમાં લઈ જાય છે અને તેમને ફરી ગવડાવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આવી સ્થિતિ છે. પછી તેમાં સુધારા-વધારા પણ થાય છે. તો જ્યારે ઓડિયન્સ એ સાંભળે છે તો તેમાં જે પણ બેસુરૂં હોય એ બધું સરખું થઈ ગયું હોય છે. આ કઈ રીતે શક્ય છે? અમુક હદ સુધી તો એ લોકો ગાઈ રહ્યાં છે, પણ કોઈ સારું ગાતું હોય, કોઈ થોડું ઓછું સારું ગાતું હોય, તેના પર જ પ્રતિભાવો આવે છે. શરૂઆતમાં આ પ્રકારને દબાણપૂર્વક કરવાનું કહેવાયું તો મારે કેટલાંક લોકો સાથે ઘર્ષણ પણ થયું."શાને તાજેતરમાં સલમાન ખાનની ફિલ્મ સિકંદર માટે પણ એક ગીત ગાયું છે.



# વિકીની ફિલ્મ 'છાવા'એ ઉત્તર અમેરિકામાં ધમાકેદાર કમાણી કરી

વિક્કી કૌશલની ફિલ્મ 'છાવા'એ ઉત્તર અમેરિકામાં $6 મિલિયનનો આંકડો પાર કરીને વિદેશી બજારમાં પ્રભુત્વ જાળવી રાખ્યું છે. વિકી કૌશલની ફિલ્મ છાવા ઉત્તર અમેરિકામાં $6 મિલિયનનો આંકડો પાર કરીને વિદેશી બજારમાં પ્રભુત્વ જાળવી રાખે છે. તાજેતરની સિદ્ધિને ધ્યાનમાં રાખીને, તે ધીમી પડવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. વિકી કૌશલ અભિનીત ઐતિહાસિક ડ્રામા ફિલ્મે ૫૭૨ સ્થળોએ $6.4 rમલિયનની કમાણી કરી. આ સાથે, તે ૨૦૨૫ ની ટોચની ભારતીય કમાણી કરનાર ફિલ્મ બની છે. જ્યારે યુએસ $40,50,137 નું યોગદાન આપે છે, ત્યારે કેનેડા CAD$23,63,271 લાવવામાં સફળ રહ્યું. છાવા - જે ૫૦ દિવસથી વધુ સમયથી સિનેમાઘરોમાં ચાલી રહી છે - ૬૦૦ કરોડ રૂપિયાના ક્લબમાં પ્રવેશવાની દિશામાં આગળ વધી રહી છે. લક્ષ્મણ ઉતેકર દ્વારા દિગ્દર્શિત, સકનિલ્કના જણાવ્યા અનુસાર, આ ફિલ્મે ભારતમાં ૫૯૯ કરોડ રૂપિયાની કમાણી કરી છે. તે જવાનના ૫૮૨.૩૧ કરોડ રૂપિયાના કલેક્શનને પણ પાછળ છોડી દેવામાં સફળ રહી છે, વિક્કી કૌશલની ફિલ્મ 'છાવ' મોટા પડદે આવી ત્યારથી તેણે અનેક રેકોર્ડ તોડી નાખ્યા છે. આ ફિલ્મમાં વિક્કી કૌશલ મરાઠા સામ્રાજ્યના બીજા શાસક અને છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર સંભાજી મહારાજની ભૂમિકામાં છે. આ પણ વાંચો - સિકંદર અસરઃ શું સલમાન ખાનની ફિલ્મ 'છાવ' બોક્સ ઓફિસ પર આ રેકોર્ડ તોડી શકશે નહીં? છાવા ફક્ત BokoMyShow પર ૧૨ મિલિયન ટિકિટ વેચાણ નોંધાવનારી પહેલી હિન્દી ફિલ્મ નથી.

# મુંબઈ ઉર્જાવાન શહેર છે, બેંગ્લોર તો મારું હૃદયઃ દીપિકા પાદુકોણ

અભિનેત્રી દીપિકા પાદુકોણને વારંવાર પૂછાતા એક પ્રશ્નનો જવાબ આપ્યો, તેમને કયું શહેર વધુ ગમે છે, બેંગલુરુ કે મુંબઈ? દીપિકા પાદુકોણે પોતાની નવીનતમ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા સમજાવ્યું કે શા માટે આ બંને શહેરો તેના હૃદયની ખૂબ નજીક છે.બેંગલુરુ વિશે વાત કરતાં, તેણીએ શેર કર્યું, "જ્યારે પણ હું બેંગલુરુ પાછી આવું છું ત્યારે મને ઘરે જેવું લાગે છે, તમે જાણો છો કારણ કે અહીં મેં મારા જીવનનો મોટો ભાગ વિતાવ્યો છે. આ તે જગ્યા છે જ્યાં હું મોટી થઈ છું, મારા મિત્રો, મારી શાળા, મારી કોલેજ - તેથી તે બધા શરૂઆતના વર્ષો અને તે અનુભવો અહીં જ રહ્યા છે.મુંબઈનો તેમના માટે શું અર્થ છે તે સમજાવો ત્યારે દીપિકાએ કહ્યું, "પણ ફરીથી મુંબઈ કારણ કે અહીંથી મારા વ્યવસાયિક જીવનની શરૂઆત થઈ હતી અને હવે આ મારું ઘર છે. મુંબઈમાં ઉર્જા ખૂબ જ અલગ છે.તેથી એક બીજા પર પસંદગી કરવી ખૂબ મુશ્કેલ છે, પરંતુ મને લાગે છે કે બંને શહેરોએ ખરેખર મારા ૩૯ વર્ષ પર પ્રભાવ પાડ્યો છે," તેમણે કહ્યું.આ અઠવાડિયાની શરૂઆતમાં, દીપિકાએ તેમની પુત્રી દુઆના જન્મ પછી પહેલી વાર તેના પતિ રણવીર સિંહ સાથે સ્ક્રીન પર હાજરી આપી હતી. આ પાવર કપલ એક એર, કંડિશનરની જાહેરાતમાં સાથે દેખાયા હતા. જાહેરાતમાં, રણવીર દીપિકા પર કટાક્ષ કરતા જોવા મળ્યો હતો કે કેવી રીતે તેની પાર્ટીમાં મહેમાનો તેના ભોજન કે વાર્તાઓને બદલે તેના એર કંડિશનરનો આનંદ માણી રહ્યા હતા. જ્યારે દીપિકા ગુસ્સે થાય છે, ત્યારે રણવીર તેને એમ કહીને શાંત પાડે છે કે તેણે ખરેખર તેના માટે એસી ખરીદ્યું હતું .અહી જણાવી દઈએ કે દીપિકા અને રણવીર છેલ્લે રોહિત શેટ્ટીની ફિલ્મ "સિંઘમ અગેન" માં સાથે જોવા મળ્યા હતા.





મારા વિચારો આ બાબતે ઘણા તટસ્થ છે, એવું નથી કે તેમના પર જવાબદારી કે પ્રેશર નથી હોતાં

# મારા પેરેન્ટ્સ ઇન્ડસ્ટ્રીમાં હોત તો મારા પર ઘણું પ્રેશર હોત : નુશરત

## નુશરતે નેપોટીઝમ પર પોતાના વિચારો રજૂ કર્યા

બોલિવૂડમાં નેપોટીઝમનો મુદ્દો સમયાંતરે ઉઠતો જ રહે છે. તાજેતરમાં નુશરત ભરુચાએ પણ આ મુદ્દે પોતના વિચારો વ્યક્ત કર્યા હતાં. નુશરત મંગળવારે એક કાર્યક્રમ માટે દિલ્હીની મહેમાન બની હતી. જ્યાં તેણે ઈન્ડસ્ટ્રીમાં નેપોટીઝમ અંગે વાત કરી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે સ્ટાર કિડ્ઝને તક મળવી સહેલી હોય છે પણ તેમને સરખામણીના અસહ્ય પ્રેશરનો સામનો કરવો પડે છે. નુશરતે કહ્યું, "મારા વિચારો આ બાબતે ઘણા તટસ્થ છે. એવું નથી કે તેમના પર જવાબદારી કે પ્રેશર નથી હોતાં. જો મારા પૅરેન્ટ્સ જાણીતાં હોત તો હું પણ આજે બહુ જ સ્ટ્રેસમાં કામ કરતી હોત. પણ હું આજે કોઈ પણ પ્રકારના ડર વિના કામ કરી શકું છું. મારા પર વારસાને જાળવી રાખવાનું કોઈ ભારણ નથી. પણ તેમનું અલગ પ્રેશર હોય છે, અપેક્ષાઓ હોય છે અને કોઈનું સ્થાન લેવાનું હોય છે."નુશરતે આગળ કહ્યું, "બિલકુલ તેમની સામે મારા કરતાં વધુ તકો હોય છે અને કેમ ન હોય? હું એક ડોક્ટરની દિકરી છું, તો જો હું એમના ક્ષેત્રમાં જઉં તો મારી પાસે વધુ તકો હોવાની છે. જો કોઈ ઉદ્યોગપતિનો દિકરો પિતાના ક્ષેત્રમા જાય તો એની પાસે વધુ તકો જ હોવાની."નુશરત માને છે કે અંતે તો ટેલેન્ટ જ જીતે છે. તેણે કહ્યું, "દર્શકો નકારી કાઢશે. જો એમને કોઈ ન ગમે, તો લોકો તેને નકારી દેશે. તમારી સામે આલિયા ભટ્ટ, રણબીર કપૂર જેવા કલાકારો છે જ. અંતે તો ટેલેન્ટ જ જીતે છે. એ વાત તમે અવગણી શકો નહીં. ટેલેન્ટ જ મહત્વનું છે." નુશરતે એવું પણ કહ્યું કે બહારથી આવીને ઈન્ડસ્ટ્રીમાં જગ્યા બનાવવી પણ સહેલી નથી. નુશરતે કહ્યું, "બહારથી આવવાના ફાયદા અને નુકસાન હોય છે. હું એક વાસ્તવવાદી વ્યક્તિ છું. હું કોઈ ભ્રમમાં રહેતી નથી. કોઈને ફિલ્મ મળી અને કોઈને નહીં, એ બાબતે મને કોઈ માટે કોઈ કળવાશ રહેતી નથી. તમે બહારથી આવો તો તમે બધાથી પરિચિત ન હોય. તમને ટેકો આપવા કોઈ હોતું નથી.

## હોરર કોમેડીના ટ્રેન્ડમાં રામગોપાલ વર્મા

# મનોજ બાજપેયી સાથે 'પોલીસ સ્ટેશન મૈં ભૂત' ફિલ્મ બનાવશે

## રામગોપાલ અને બાજપેયીએ સાથે કામ કર્યું હોય તેવી છેલ્લી ફિલ્મ ૧૯૯૯માં રિલીઝ થઈ હતી





હોરર કોમેડીનો ટ્રેન્ડ બોલિવૂડમાં રંગ જમાવી રહ્યો છે. મોટા સ્ટાર્સ કે તોતિંગ બજેટનો બોજ રાખ્યા વગર ફિલ્મ મેકર્સને હોરર કોમેડી નફો કરાવી રહી છે. 'સ્ત્રી', 'ભૂલ ભુલૈયા' જેવી ફિલ્મોની સફળતાથી પ્રેરાઈને ઘણાં ફિલ્મ મેકર્સ હોરર કોમેડીના ટ્રેન્ડમાં જોડાઈ રહ્યા છે. આ યાદીમાં હવે રામગોપાલ વર્માનું નામ પણ જોડાયું છે. સામાન્ય રીતે ટ્રેન્ડ સેટ કરવા માટે ઓળખાતા રામગોપાલ વર્માએ આ વખતે સમયની માગ પ્રમાણે ચાલવાનું વિચાર્યું છે. રામ ગોપાલ વર્માએ 'પોલીસ સ્ટેશન મૈં ભૂત' એનાઉન્સ કરી છે, જેમાં મનોજ બાજપેયીનો લીડ રોલ છે. રામગોપાલ વર્મા અને મનોજ બાજપેયીએ પ્રથમ વખત 'સત્યા'માં સાથે કામ કર્યુ હતું. ૧૯૯૮માં રિલીઝ થયેલી આ ફિલ્મે બાજપેયીને એક્ટર તરીકે સ્થાપિત કર્યો હતો. ત્યાર બાદ ૧૯૯માં 'કૌન' અને 'શૂલ' રિલીઝ થઈ હતી. આ ત્રણેય ફિલ્મમાં એક્ટર-ડાયરેક્ટરની જોડીએ કમાલ કર્યો હતો. બોલિવૂડના ઉત્તમ એક્ટર્સમાં મનોજ બાજપેયીને સ્થાન મળ્યું હતું. છેલ્લા ૨૬ વર્ષથી તેમણે સાથે કામ કર્યું નથી. રામગોપાલ વર્માએ એક્સ પોસ્ટમાં આગામી ફિલ્મ 'પોલીસ સ્ટેશન મૈં ભૂત' એનાઉન્સ કરી હતી. આ સાથે તેમણે જણાવ્યુ હતું કે, હોરર, ગેંગસ્ટર, રોમેન્ટિક, પોલિટિકલ ડ્રામા, થ્રિલર્સ અને એડવેન્ચર જોનરની ફિલ્મો કર્યા બાદ હવે હોરર કોમેડી પર પહેલી વાર હાથ અજમાવવાની ઈચ્છા છે. મનોજ બાજપેયી અને રામગોપાલ વર્મા બંનેએ અગાઉ ક્યારેય હોરર કોમેડીમાં કામ કરેલું નથી. આ સુપરહીટ જોડી માટે જોનર નવી છે, પરંતુ ઓડિયન્સમાં તેમની લોકપ્રિયતા ઘણી વધારે છે. ૨૬ વર્ષના લાંબા વિરામ પછી આ સફળ જોડી ફરી ભેગી થઈ રહી છે ત્યારે ફિલ્મ પાસે અપેક્ષા પણ વધારે રહેવાની છે. રામગોપાલ વર્માએ ફિલ્મના ટાઈટલ અંગે વાત કરતા કહ્યું હતું કે, 'પોલીસ સ્ટેશન મૈં ભૂત'ની ટેગલાઈન છે, તમે મરેલાને મારી શકતા નથી. ફિલ્મમાં એક પોલીસ સ્ટેશનની સ્ટોરી છે, એન્કાઉન્ટરની એક ઘટના પછી આ પોલીસ સ્ટેશન ભૂતિયું બની જાય છે. સામાન્ય રીતે લોકો ગભરાઈ ગયા હોય ત્યારે પોલીસની મદદ લેવા દોડે છે, પણ પોલીસ પોતે જ ગભરાયેલી હોય ત્યારે શું થાય? એન્કાઉન્ટરની ઘટના પછી ગેંગસ્ટર્સના ભૂત પોલીસની પાછળ પડે છે અને પોલીસને બચવા માટે ભાગવું પડે છે. ફિલ્મમાં વર્તમાન ઓડિયન્સને પસંદ આવે તેવા દમદાર વીએફએક્સ સામેલ કરવામાં આવશે. ઓડિયન્સને ડરાવવાની સાથે આ ફિલ્મ રમૂજ પણ કરાવશે.

## અભિનેતા અજય દેવગને સોશિયલ મીડિયા પર શૂટિંગ પૂરું થયાની જાહેરાત કરી

# રેમો ડિસોઝા પહેલી વખત રોમેન્ટિક ફિલ્મ બનાવશે

જેમ નવા સ્ટાર કિડ્ઝને ફિલ્મમાં લાવવા માટે કરણ જોહર જાણીતો છે, એ જ રીતે નવા ડાન્સર્સને ફિલ્મમાં લાવવા માટે કોરિયોગ્રાફર અને ફિલ્મ ડિરેક્ટર રેમો ડિસોઝા હવે તેની ડાન્સ ડ્રામા ફિલ્મની સિરીઝનો ત્રીજો ભાગ બનાવવા જઈ રહ્યા છે. પણ હવે તે એક નહીં પણ બે ફિલ્મ બનાવવાનું આયોજન કરી રહ્યા છે. ઈન્ડિયન સિનેમામાં સ્ટ્રીટ ડાન્સનો વિષય આપનાર રેમો ડિસોઝા એબીસીડીનાં ત્રીજાં ભાગ ઉપરાંત એક રોમેન્ટિક ફિલ્મ પણ બનાવવાનું આયોજન કરી રહ્યા છે. અહેવાલો મુજબ,"આ ફિલ્મ લાગણીસભર હશે, સંગીત સૂરીલું હશે અને થોડો ડાન્સ પણ હશે- પણ ઘણી અલગ રીતે" તેમણે સૌ પહેલાં ૨૦૧૩માં એબીસીડી બનાવી હતી. પછી ૨૦૧૫માં એબીસીડી ૨ આવી હતી. હવે રેમો ફરી એક વખત એબીસીડીની સિક્વલ બનાવે છે, ત્યારે આ વખતે બિલકુલ નવી સ્ટોરી સાથે ઈલેક્ટ્રિફાઈંગ ડાન્સ પણ જોવા મળશે. આ અંગેના અહેવાલો અનુસાર હજુ તો આ ફિલ્મ પર કામ ચાલી રહ્યું છે પરંતુ આ ફિલ્મમાં પણ અગાઉની ફિલ્મો જેવો જુસ્સો અને જોશીલા ડાન્સ પર્ફોર્મન્સ તો હશે જ. આ ફિલ્મ એવી હશે, જેમાં જૂની બંને ફિલ્મોની અસર હશે, તેમાં ડાન્સ, ઈમોશન્સ અને ટેલેન્ટનું મિશ્રણ જોવા મળશે. સાથે હવે રેમો રોમેન્ટિક જોનરમાં પણ ઝંપલાવવા માગે છે. આ પહેલાં તેણે આ જોનરમાં કોઈ ફિલ્મ બનાવી નથી. જોકે, આ અંગે તેણે કે તેની ટીમ તરફથી કોઈએ કોઈ પ્રકારની વાત કે માહિતી જાહેર કરી નથી. જોકે, આ ફિલ્મ સાથે સંકળાયેલાં સૂત્રો ફિલ્મને એક લાગણીસભર વિષય, મજબૂત પાત્રો અને સંગીત પણ સૂરીલું હશે. અહેવાલો મુજબ,"આ ફિલ્મ લાગણીસભર હશે, સંગીત સૂરીલું હશે અને થોડો ડાન્સ પણ હશે- પણ ઘણી અલગ રીતે."અગાઉ એક ઈન્ટરવ્યુમાં રેમોએ કહ્યું હતું કે ડાન્સ આધારીત ફિલ્મો એબીસીડી અને એબીસીડી ૨ની સફળતના કારણે લોકોએ તેને એક બીબાંમાં ફીટ કરી દીધો છે. તેણે એક્શન કે સુપર હિરો ફિલ્મ કરી હોવા છતાં લોકો તેને ડાન્સની ફિલ્મ માટે જ ઓળખે છે. તેના માટે આ બીબાંને તોડવું મુશ્કેલ છે. છેલ્લે રેમોએ અભિષેક બચ્ચન સાથે બી હેપ્પી ફિલ્મ બનાવી છે, જે ઓટીટી પર ઉપલબ્ધ છે.



શ્રી રામ ચક્રની ઝાંખી તેમજ મંદિરની સુંદર સજાવટ અને રોશનીએ ભક્તોમા અનેરું આકર્ષણ ઉભુ કર્યું

# ઝાલોદ નગરમાં હનુમાન જન્મોત્સવની ભક્તિભાવ ભર્યા વાતાવરણ વચ્ચે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ

**૧૦,૦૦૦ થી વધુ લોકો મંદિરે દર્શનાર્થે તેમજ ૮૦૦૦ થી વધુ લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો**



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ નગરમાં આવેલ દરેક હનુમાનજી મંદિરોમાં હનુમાન જન્મોત્સવની ભક્તિભાવ ભર્યા વાતાવરણ વચ્ચે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ઝાલોદ નગરનું સૌથી જૂનું અને આજના સમયનું સૌથી મોટું મંદિર એટલે વણકતલાઈ હનુમાનજી મંદિર. ભાવિક ભક્તોના માનવા મુજબ વણકતલાઈ હનુમાનજી મંદિરના હનુમાનજી એ સાક્ષાત છે તેમજ તેઓ દરેક ભક્તોની મનોકામના પૂર્ણ કરતા દેવતા છે. ઝાલોદ વણકતલાઈ હનુમાનજી મંદિર પ્રત્યે ભક્તોમા એટલી આસ્થા, વિશ્વાસ તેમજ પ્રબળ ભક્તિ છે કે તેઓ જે મનોકામના બાલાજી ભગવાન પાસે માંગે છે તે પૂર્ણ થતી હોય છે અને પોતાની મનોકામના પૂર્ણ થતાં આ મંદિરમાં સુંદરકાંડ પાઠ સાથે સવામણી કરાવતા હોય છે.

ઝાલોદ નગરનું વણકતલાઈ હનુમાનજી મંદિર ખૂબ જ પ્રાચીન છે આ પૌરાણિક મંદિર ખૂબ જ નાનું હતું. ધીરે ધીરે ભક્તોનો અતૂટ વિશ્વાસ અને શ્રદ્ધા આ મંદિર સાથે જોડાતા આ મંદિરના જીર્ણોદ્ધારનુ કાર્ય ભાવિક ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. આ મંદિરમા જાણવા મળેલ મુજબ આશરે ૪૫ વર્ષ થી હનુમાન જન્મોત્સવ મહાપ્રસાદ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આજના હનુમાન જન્મોત્સવ નિમિત્તે સવારથી જ ભાવિક ભક્તો મોટા પ્રમાણમાં હનુમાનજી મંદિરે દર્શન કરવા આવી રહેલ હતા તેમજ ચૂરમાનો ભોગ લગાવવા ભક્તોની ભીડ લાગેલ હતી. આજે હનુમાન જન્મોત્સવ અન્વયે વણકતલાઈ હનુમાનજી મંદિરની અંદર આવવાના રસ્તાઓ પર સુંદર લાઈટીંગ તેમજ મંદિર પ્રાંગણ પણ રોશની થી શોભી રહેલ હતું. આજના હનુમાન જન્મોત્સવ પ્રસંગે મંદિરના ગર્ભગૃહમા શ્રી રામચક્ર ની અનુપમ ઝાંખી એ અનેરું આકર્ષણ ઊભું કર્યું હતું તેમજ મંદિરનું ગર્ભગૃહ શ્રી રામ નામ થી ગુંજી રહેલ હતું. હનુમાનજી ભગવાનનો અનુપ મ શણગાર ભાવિક ભક્તોના આંખોમાં સમાઈ ગયેલ હતો.

હનુમાન જન્મોત્સવ અન્વયે વણકતલાઈ સુંદરકાંડ મંડળ દ્વારા સંગીતમય સુંદરકાંડ પાઠ સાંજે ૪ વાગ્યાથી ચાલુ કરવામાં આવ્યું હતું જે રાત્રીના ૯ વાગ્યે પૂરું થયેલ હતું તેમજ રાત્રીના ૯ વાગ્યે પૂરું થતાં મહાઆરતી પણ કરવામાં આવી હતી. આજના હનુમાન જન્મોત્સવ પ્રસંગે વણકતલાઈ હનુમાનજી મંદિરે ભાવિક ભક્તોનું ઘોડાપુર ઉમટી પડેલ હતું. અંદાજીત ૧૦,૦૦૦ ઉપરાંત લોકો મંદિરે દર્શનાર્થે આવેલ હતા તેમજ ૮૦૦૦ થી વધુ લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. મહાપ્રસાદ સાથે ઠંડી છાશની સુંદર વ્યવસ્થા પણ ભાવિક ભક્તો દ્વારા કરવામાં આવી હતી. આજના સુંદર અને અનુપમ પ્રસંગને ભાવિક ભક્તોના સુંદર સહકાર થકી પૂર્ણ થયેલ હતો મંદિર કમિટી દ્વારા ખૂબ જ સુંદર વ્યવસ્થા સફળ કાર્યક્રમનો એક ભાગ હતો.ઝાલોદ પોલિસ દ્વારા પણ સુંદર સાથ સહકાર આપી પોલિસ બંદોબસ્ત મુકવામાં આવ્યો હતો.

# પશ્ચિમ રેલ્વે ચલાવશે વટવા અને હુબલી વચ્ચે ઉનાળુ સ્પેશિયલ ટ્રેન

। અમદાવાદ, તા.૧૩ ।

પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને વટવા અને હુબલી વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક ઉનાળુ વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નંબર ૦૭૩૩૪/૦૭૩૩૩ વટવા-હુબલી-વટવા સ્પેશિયલ ટ્રેન (કુલ ૨૦ ટ્રીપ્સ)

ટ્રેન નંબર ૦૭૩૩૪ વટવા-હુબલી સ્પેશિયલ ૧૪ એપ્રિલ ૨૦૨૫ થી ૧૬ જૂન ૨૦૨૫ સુધી દર સોમવારે વટવાથી ૨૧:૪૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૯:૪૫ કલાકે હુબલી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૭૩૩૩ હુબલી -વટવા સ્પેશિયલ ૧૩ એપ્રિલ ૨૦૨૫ થી ૧૫ જૂન ૨૦૨૫ સુધી દર રવિવારે હુબલી થી ૧૯:૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૪૫ કલાકે વટવા પહોંચશે.

માર્ગમાં, બંને દિશાઓ માં આ ટ્રેન આણંદ, વડોદરા, સુરત, વાપી, બોઈસર, વસઈ રોડ, કલ્યાણ, લોનાવાલા, પુણે, સાંગલી, મિરજ, કુડાલ, રાયબાગ, ઘટપ્રભા, ગોકાક રોડ, બેલગામ, લોંડા, અલનાવર અને ધારવાડ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૭૩૩૪ નું બુકિંગ ૧૧ એપ્રિલ ૨૦૨૫ થી પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# પોષણ અભિયાન અંતર્ગત આઇ.સી.ડી.એસ. ઘટક બોરસદ દ્વારા બાળકના સર્વાંગી વિકાસ માટે લાભાર્થીઓને સોનેરી ૧૦૦૦ દિવસની સમજ અપાઈ

। (માહિતી) આણંદ, તા.૧૩ ।

બોરસદ ખાતે ૭મા પોષણ પખવાડિયાની ઉજવણી નિમિત્તે આઈ.સી.ડી.એસ. ઘટક બોરસદ-૨ના ઝારોલા સેજાના ગામ ઝારોલામાં માતા મીટીંગનુ આયોજન કરવામા આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બાળ વિકાસ યોજના અધિકારી શ્રીમતિ માલતીબેન પઢિયાર ધ્વારા ઊંઈના પેકેટનો ઉપયોગ કરવા, ધાત્રી માતાઓને ૦ થી ૬ માસ સુધી બાળકને ફક્તને ફક્ત સ્તનપાન જ કરાવવું, બાળકના સર્વાંગી વિકાસ માટે સોનેરી ૧૦૦૦ દિવસની સમજ આપી તથા સ્સ્રૂ યોજના અંગે વિસ્તૃત સમજ આપી, કિશોરીઓને સ્વછતા વિશે અને પુર્ણા શક્તિ પેકેટ વિશે અને ઉપયોગ કરવા સમજ આપવામા આવી હતી.

આ ઉપરાંત લાભાર્થીને પોષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ તેમજ માતાના પોષણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને બાળકોને બજારમાં મળતા પેકેટનો ઉપયોગ ન કરવા સમજ આપી, નર્સબેન ધ્વારા તમામ લાભર્થીઓને આયોગ્ય સંભાળ અને બાળકોને સમયસર રસીકરણ કરાવવુ તે વિશે સમજ આપવામા આવી હતી. આ કાર્યક્રમમાં અતિકુપોષિત બાળકોની માતા, કુપોષિત બાળકોની માતા, સગર્ભા માતા, ધાત્રીમાતા, કિશોરીઓ સહીત લાભાર્થીઓ, મુખ્ય સેવિકાશ્રી, PSE ઈન્સ્ટ્રક્ટર, ગામના સરપંચશ્રી, ગામના આગેવાનો, ગામના સામાજીક કાર્યકર, આંગણવાડી કાર્યકર, તેડાગરના કાર્યકરોએ હાજર રહ્યા હતા.

# ઝાલોદ તાલુકાના ઘટક ૧ ના ધાવડીયા સેજાના આંગણવાડી કેન્દ્ર ખાતે પોષણ પખવાડીયાની ઊજવણી કરવામાં આવી

**સીડીપીઓની ઉપસ્થિતિમાં પોષણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત SAM બાળકોની માતાઓને, સગર્ભા, ધાત્રી માતાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું**



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ તાલુકાના ઘટક ૧ ના ધાવડીયા સેજાના આંગણવાડી કેન્દ્ર ખાતે પોષણ પખવાડીયાની ઊજવણી કરવામાં આવી.જેમાં સીડીપીઓ માછી નીલુબેન, મુખ્ય સેવિકા અને કાર્યકર, તેડાગર દ્વારા વિસ્તારમાંથી સગર્ભા માતા ધાત્રી માતા તેમજ કિશોરીઓ અને અન્ય માતાઓ હાજર રહ્યા હતા સગર્ભા માતા ધાત્રી માતાઓને અને કિશોરીઓને પ્રથમ હજાર દિવસ સુધીની સાવચેતી વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ આંગણવાડી કેન્દ્રમાંથી આપવામાં આવતા માતૃશક્તિ, પૂર્ણ શક્તિ અને બાલ શક્તિ નો આહારમાં કઈ રીતે ઉપયોગ કરવો, માતાઓની હાજરીમાં બાળકોના વજન ઊંચાઈ અને લંબાઈ કરીને માતાઓને બાળકના ગ્રોથ વિશે સમજ આપવામાં આવી SAM બાળકોની માતાઓ ને બાળકને સીએમટીસીમાં દાખલ કરવા અને દાખલ કરવાથી બાળકને કેવા ફાયદા થઈ શકે તે માટેની સમજ આપવામાં આવી તેમજ બાળકોને આંગણવાડી કેન્દ્રમાં "પોષણ સંગમ"અંતર્ગત SAM બાળકોની માતાઓને રોજ બાળકોને કેન્દ્ર પર લાવીને નાસ્તો તેમજ આરોગ્ય તપાસ કરાવવા,બાળકોની સંભાળ કઈ રીતે રાખવી તે માટે માતાઓને માર્ગદર્શન અને જાગૃતિ લાવવા iec નો ઉપયોગ કરી સમજ આપવામાં આવી.

# સ્મોલ કેટેગરીના ડ્રોન બનાવવાનું 'ટાઈપ સર્ટીફિકેટ' મેળવનાર "કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી" દેશની એકમાત્ર સરકારી સંસ્થા

**આગામી સમયમાં રાજ્યની 19 ITI ખાતે ડ્રોન રિમોટ પાઇલટ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન શરૂ કરાશે**



। (માહિતી) ગાંધીનગર, તા.૧૩ ।

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા રિમોટ પાઈલટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન લાઈસન્સ મેળવનાર રાજ્યની પ્રથમ યુનિવર્સિટી એટલે "કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી". આ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ ડ્રોન્સ વિભાગને સ્મોલ કેટેગરીના ડ્રોન બનાવવાનું 'ટાઈપ સર્ટીફિકેટ' મેળવનાર કૌશલ્યા-ધી સ્કિલ યુનિવર્સિટી-KSU દેશની એકમાત્ર સરકારી સંસ્થા છે. સ્કૂલ ઓફ ડ્રોન્સ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦ ડ્રોનનું ઉત્પાદન કરવામાં આવ્યું છે, તેમજ કુલ ૫૦૪ ઉમેદવારોને ડ્રોન પાયલટની તાલીમ આપી લાયસન્સ પણ ઈસ્યુ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ડ્રોન મેન્યુફેચરીંગ એન્ડ એસેમ્બલીના કોર્ષમાં ૧૦૦૦થી વધુ ઉમેદવારોને તાલીમ આપવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને શ્રમ-રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના માર્ગદર્શનમાં ડ્રોન રિમોટ પાઈલટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન આગામી સમયમાં રાજ્યની ૧૯ ITI ખાતે શરૂ કરવામાં આવશે. જે પૈકી બિલિમોરા અને માંડવી ITI ખાતે રિમોટ પાઈલટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન-RPTOની ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન-DGCAની માન્યતા મળી છે. KSU દ્વારા 'ડ્રોન મંત્રા'નું આગવું મોડેલ વિકસાવ્યું છે, જે અંતર્ગત વિદ્યાર્થીઓને ડ્રોન ઉત્પાદન અને તાલીમ માટેની લેબમાં અત્યાધુનિક મશીનરી તેમજ ટેકનોલોજીના માધ્યમ થકી ડ્રોન ઉત્પાદન તથા પ્રોગ્રામિંગની તાલીમ પૂરી પાડવામાં આવે છે. KSU ખાતે નવી ઉભરતી ટેકનોલોજીની તાલીમ માટેની પહેલ થકી ઈન્ડસ્ટ્રી ૪.૦ની પ્રયોગશાળાની સ્થાપના કરવામાં આવી છે, જેમાં સાયબર ફિજિકલ સિસ્ટમ, ઓટોમેટેડ ગાઈડેડ વ્હીકલ, રોબોટિક્સ, આઈ. ઓ.ટી., ડેટા એનાલિટીક્સ જેવી વિવિધ અદ્યતન ટેકનોલોજીનું નિર્દેશન તથા ટૂંકા ગાળાની તાલીમ આપવામાં આવે છે. અહી ઈનોવેશન અને સંશોધન પ્રવૃત્તિને વેગ આપવા, ઉદ્યોગ સાહસિકતા તેમજ સ્ટાર્ટ-અપને પ્રોત્સાહિત કરવા માટે નોન પ્રોફિટ કંપની તરીકે કુશલ ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન ફાઉન્ડેશનની રચના કરવામાં આવી છે.

કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટીમાં સ્કૂલ ઓફ કોમ્પ્યુટીંગ, સાયન્સ મેન્યુફેક્ચરીંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેનેજમેન્ટ અને ફાઈનાન્સ, હેલ્થકેર, એગ્રી અને અન્ય સર્વિસીસ, લિબરલ આર્ટસ અને સ્કૂલ ઓફ ડ્રોન્સ જેવી ૦૬ સ્કૂલો કાર્યરત છે. જ્યાં ઉદ્યોગોની માંગ આધારિત નવી શિક્ષણ નીતિને અનુરૂપ કુલ ૧૧૦ જેટલા વિવિધ પ્રમાણપત્ર, ડિપ્લોમા, એડવાન્સ ડિપ્લોમા, પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા, અન્ડર-ગ્રેજ્યુએટ, પોસ્ટ-ગ્રેજ્યુએટ અને પી.એચડી. અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. આ દરેક અભ્યાસક્રમ ઉદ્યોગ ભાગીદારો સાથે મળીને ડિઝાઈન કરવામાં આવે છે તેમજ ઉભરતા ઉદ્યોગ અને નવીનતમ ટેકનોલોજીની માંગ આધારિત સતત અપડેટ્સ પણ કરવામાં આવે છે.

અંદાજીત ૬૨૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ પરત કરાયો

# લીમડી પોલિસ દ્વારા તેરા તુંઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ફરિયાદીને લૂંટનો માલ પરત સોપવામાં આવ્યો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ સ્ટેશનમા પ્રેમચંદભાઈ મોતીભાઈ મોરી દ્વારા થોડા સમય અગાઉ ચાંદીના મુદ્દામાલ અંગેની ફરિયાદ નોંધાવવામા હતી. તે અન્વયે લીમડી પોલિસ દ્વારા તપાસ કરવામાં આવતા આ મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો.

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા તેરા તુંઝકો અર્પણ અંતર્ગત ફરિયાદીને મુદ્દામાલ પરત સોંપી દેવા સૂચન આપેલ હતું. તે અંતર્ગત ઝાલોદ ડી.વાય.એસ.પી ડી.આર. પટેલ અને લીમડી મથકના પી.આઈ કે.કે. રાજપુત દ્વારા કોર્ટના હુકમ અન્વયે ફરિયાદી પ્રેમચંદ મોતીભાઈ માળીને ચાંદીનો કંદોરો ૩૦,૦૦૦, સોનાની મરકીઓ ૨૦,૦૦૦, ચાંદીનું ભોંયરુ ૧૨૦૦૦ થઈ કુલ ૬૨૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ પરત સોંપવામાં આવ્યો હતો. મુદ્દામાલ પાછો મળતા ફરિયાદીના ચહેરા પર ચોરી થયેલ રકમ પરત મળતા અનેરી ખુશી જોવા મળતી હતી સાથે સાથે ફરિયાદી પોલિસના આભાર માન્યો હતો અને તેમના સુંદર કામગીરીની પ્રસંશા પણ કરી હતી.

# વડોદરામાં પોષણ પખવાડિયાની ઉજવણીનો થયેલો પ્રારંભ

। (માહિતી બ્યુરો) વડોદરા, તા.૧૩ ।

સંકલિત બાળ વિકાસ યોજનાના તત્વાધાનમાં વડોદરા શહેર તથા જિલ્લામાં પોષણ પખવાડિયાની ઉજવણીનો પ્રારંભ થયો છે. બાળકોમાં પોષણયુક્ત આહારની શૈલી વિકસે અને તેની સાથે માતા પણ સક્ષમ બને તેવા હેતુંથી આંગણવાડી કક્ષાએ આ પખવડિયા દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. પોષણ અભિયાન અંતર્ગત મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા દર વર્ષે માર્ચ-એપ્રિલ માસમાં જનજાગૃતિ માટે "પોષણ પખવાડિયા'ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય રાજ્ય સરકારના સંપૂર્ણ સમર્થન સાથે મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ કાર્યક્રમનો અમલ કરવામાં આવે છે. "પોષણ અભિયાન" ઝુંબેશ આ મિશનનો જ એક ભાગ છે, જે વ્યક્તિગત અને સામુદાયિક સ્તરે વર્તન પરિવર્તન દ્વારા કુપોષણ ઘટાડવા માટે કામગીરી કરવામાં આવે છે. આ પોષણ પખવાડિયામાં નીચેની ચાર થીમ પર ધ્યાન કેન્દ્રિત કરી તે મુજબ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં (૧) જીવનના પ્રથમ ૧૦૦૦ દિવસો પર ધ્યાન કેન્દ્રિત કરવું, (૨) પોષણ ટ્રેકરમાંના લાભાર્થી મોડયુલનો પ્રચાર-પ્રસાર, (૩) CMAM મોડયુલ દ્વારા કુપોષણનું વ્યવસ્થાપન, (૪) બાળકોમાં સ્થૂળતાને દૂર કરવા માટે સ્વસ્થ જીવનશૈલીનો સમાવેશ થાય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે અમુક મુદ્દાઓ પર બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવારમાં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવનમાં સ્થાન પણ આપી શકો છો? મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

**કર્ક (ડ,હ) :**
આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. તમારી સમયસરની મદદ કોઈકનું જીવન બચાવશે. આ સમાચાર તમારા પરિવારના સભ્યોને ગર્વ કરાવશે તથા તેમને પ્રેરણા આપશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.

**સિંહ (મ,ટ) :**
એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપ યોગ કરો. તમારી જાતને ઘરની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો. એ દરમિયાન જ થોડોક સમય આનંદ-પ્રમોદની પ્રવૃત્તિઓમાં પણ ખર્ચો, જેથી વેગ જળવાઈ રહે તથા તમારૂં શરીર રિચાર્જ થાય.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. તમારી સમયસરની મદદ કોઈકનું જીવન બચાવશે. આ સમાચાર તમારા પરિવારના સભ્યોને ગર્વ કરાવશે તથા તેમને પ્રેરણા આપશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

**તુલા (ર,ત) :**
જો તમે ધૂમ્રપાન ની ટેવ હોયતો છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. તમારા રૉમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો. તમારા સાથી ને ફક્ત તમારી પાસે થી થોડો સમય જોઈએ છે પરંતુ તમે તેમને સમય આપવા માટે અસમર્થ છો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો. આ રાશિ ના વિદ્યાર્થીઓ આજે મોબાઈલ માં આખો દિવસ બગાડી શકે છે. આજે તમારા લગ્નજીવનમાં બધું જ ખુશખુશાલ જણાય છે.

**મકર (ખ,જ) :**
આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં. આજે ઘર માં કોઈ બાબત ને લઈ ને વિવાદ ની સંભાવના છે, આવી સ્થિતિ માં પોતાને નિયંત્રિત રાખો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે.

# વિરાટ અને ફિલ સોલ્ટ સામે રાજસ્થાન રોયલ્સ ઘૂંટણિયે





। (એજન્સી) જયપુર, તા.૧૩ ।

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે(RCB) રાજસ્થાન રોયલ્સ (RR)ને ૯ વિકેટથી હરાવ્યું છે. આજે (રવિવાર) રાજસ્થાનની ટીમને તેના હોમ ગ્રાઉન્ડ એટલે કે સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આ મુકાબલામાં રાજસ્થાને પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં ૪ વિકેટના નુકસાન પર ૧૭૩ રન બનાવ્યા હતા, જેના જવાબમાં ઈઝમ્એ ૧૭.૩ ઓવરમાં ૧ વિકેટના નુકસાન પર ૧૭૫ રન બનાવીને જીત હાંસલ કરી લીધી હતી. RCBની જીતમાં વિરાટ કોહલી અને ફિલ સોલ્ટે મોટો ફાળો આપ્યો, બંનેએ મજબૂત અડધી સદીની ઈનિંગ્સ રમી. RCB રાજસ્થાન રોયલ્સ સામે લીલા રંગની ટીશર્ટ પહેરીને મેદાનમાં ઉતરી હતી. આ પહેલા પણ આ ટીમે દરેક સીઝનમાં ઓછામાં ઓછી એક મેચમાં લીલા રંગની ટીશર્ટ પહેરીને રમી છે. ૧૭૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા વિરાટ કોહલી અને ફિલ સોલ્ટે RCBને શાનદાર શરૂઆત અપાવી. બંને વચ્ચે ૯૨ રનની શાનદાર ઓપનિંગ ભાગીદારી થઈ. સોલ્ટે માત્ર ૩૩ બોલમાં ૬૫ રનની તોફાની ઈનિંગ રમી, જે દરમિયાન તેણે ૫ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકાર્યા. બીજી તરફ, વિરાટ કોહલીએ ૪૫ બોલમાં ૬૨ રનની અણનમ ઈનિંગ રમી. તેણે પોતાની ઈનિંગમાં ૪ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા. ફિલ સોલ્ટના આઉટ થયા પછી વિરાટ કોહલીએ દેવદત્ત પડિકલ સાથે મળીને ૮૩ રનની ભાગીદારી કરીને બેંગ્લોરનો વિજય સુનિશ્ચિત કર્યો. એક તરફ, વિરાટે ૬૨ રનનું યોગદાન આપ્યું, જ્યારે પડિકલે ૨૮ બોલમાં ૪૦ રનનું યોગદાન આપ્યું. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ઈનિંગઃ ફિલ સોલ્ટ ૬૫ રન (૩૩ બોલ), વિરાટ કોહલી ૬૨ રન (૪૫ બોલ), દેવદત્ત પડિકલ ૪૦ રન (૨૮ બોલ).

રાજસ્થાન રોયલ્સની ઈનિંગઃ યશસ્વી જયસ્વાલ ૭૫ રન (૪૭ બોલ), સંજુ સેમસન ૧૫ રન (૧૯ બોલ), નીતિશ રાણા ૪ રન (૧ બોલ), રિયાન પરાગ ૩૦ રન (૨૨ બોલ), ધ્રુવ જુરેલ ૩૫ રન (૨૩ બોલ), શિમરોન હેટમાયર ૯ રન (૮ બોલ).

બેંગલુરૂમાં પર્યાવરણને બચાવવાના મેસેજ સાથે ટીમ લીલા રંગની ટીશર્ટ પહેરીને રમવા આવે છે. RCB ૨૦૧૧માં પહેલીવાર લીલા રંગની ટીશર્ટ પહેરીને મેચ રમી હતી. વર્ષ ૨૦૧૧માં ઈઝમ્ એ ગો ગ્રીન નામની આ પહેલ શરુ કરી છે. ગ્લોબલ વોર્મિંગ વિશે લોકોને જાગૃત કરવા માટે આ અભિયાન લીધું છે.

### તમે પણ કહો જય શ્રી રામ

## તમિલનાડુના રાજ્યપાલે કોલેજમાં નારો લગાવતા નવો વિવાદ સર્જાયો

। (એજન્સી) ચેન્નાઈ, તા.૧૩ ।

તમિલનાડુના રાજ્યપાલ આર.એન.રવિ ફરી વિવાદોમાં ઘેરાયા છે. તેમણે મદુરૈની એક એન્જિનિયરિંગ કૉલેજમાં કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને 'જય શ્રી રામ'ના નારા લગાવવાનું કહેતા રાજકીય ઘમસાણ શરૂ થઈ ગયું છે. સોશિયલ મીડિયા પર રાજ્યપાલનું નિવેદન વાયરલ થયા બાદ વિપક્ષો આક્રમક બની ગયા છે.

વિપક્ષે રાજ્યપાલના નિવેદનથી વાંધો ઉઠાવી તેમને આરએસએસના પ્રવક્તા ગણાવ્યા છે. વીડિયોમાં રાજ્યપાલ કમ્બ રામાયણ લખનારા એક પ્રાચીન કવિને શ્રદ્ધાંજલી આપવા માટે વિદ્યાર્થીઓને 'જય શ્રી રામ'નો નારો લગાવાની અપીલ કરતા જોવા મળી રહ્યા છે. એન્જિનિયરિંગ કૉલેજના એક કાર્યક્રમમાં રાજ્યપાલે કહ્યું કે, 'આપણે આજના દિવસે તે મહાપુરુષને શ્રદ્ધાંજલી આપીશું, જેઓ શ્રીરામના મહાન ભક્ત હતા. હું કહીશ જય શ્રી રામ, તમે પણ કહો જય શ્રી રામ.' વીડિયોમાં તેઓ વિદ્યાર્થીઓને આવું કહેતા જોવા મળી રહ્યા છે. રાજ્યપાલના નિવેદનથી સત્તાધારી ડીએમકે અને કોંગ્રેસને વાંધો પડ્યો છે. ડીએમકેના પ્રવક્તા ધરનીધરને કહ્યું કે, રાજ્યપાલનું નિવેદન ધર્મનિરપેક્ષ મૂલ્યોની વિરુદ્ધ છે. રાજ્યપાલ બંધારણનું વારંવાર ઉલ્લંઘન કેમ કરી રહ્યા છે?

### દિલ્હી સરકારે જૂના વાહનો પર મહત્ત્વનો નિર્ણય લીધો

## દિલ્હીમાં ૫૫ લાખ વાહનો હવે ગેરકાયદે, પેટ્રોલ-ડીઝલ નહીં મળે

### દિલ્હીમાં ૧૦ વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષથી વધુ જૂના પેટ્રોલ/સીએનજી વાહનોનું રજીસ્ટ્રેશન રદ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

દિલ્હી સરકારે જૂના વાહનો પર મહત્ત્વનો નિર્ણય લીધો છે. નવી માર્ગદર્શિકા જારી કરતાં પરિવહન વિભાગે ૨૦૨૪થી દિલ્હીમાં ૧૦ વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષથી વધુ જૂના પેટ્રોલ/સીએનજી વાહનોનું રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યું છે. તેમજ આ જૂના વાહનોને પેટ્રોલ-ડીઝલ ન આપવા પણ આદેશ આપી દીધો છે. તેના માટે દિલ્હીમાં ૪૭૭ ફ્યુલ રિફિલિંગ સ્ટેશન પર ડિવાઈસ લગાવવામાં આવ્યું છે. જેની મદદથી વાહનોની લાઈફ સાયકલ જાણી શકાશે. આ પ્રકારના એન્ડ ઓફ લાઈફ વ્હિકલની સંખ્યા દિલ્હીમાં ૫૫ લાખથી વધુ છે. આ વાહનોની યાદી પરિવહન વિભાગની વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. પરિવહન વિભાગની માર્ગદર્શિકા અનુસાર, એન્ડ ઓફ લાઈફ સાયકલ ધરાવતા આ વાહનોને જાહેર સ્થળોએ કે, ખાનગી સ્થળે પાર્ક કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આવી સ્થિતિમાં, વાહન માલિકો પાસે માત્ર બે જ વિકલ્પો છે. એક તો વાહનની એન્ડ ઓફ લાઈફ સાયકલ તારીખના એક વર્ષની અંદર તેને દિલ્હીની બહાર લઈ જવા માટે 'નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ' લેવું પડશે. બીજું તેને સ્ક્રેપ કરવાનું રહેશે.

દિલ્હી સરકારે પ્રદુષણ પર નિયંત્રણ મેળવવા પરિવહન ક્ષેત્રે વિવિધ સુધારાઓ હાથ ધર્યા છે. જેમાં જૂના વાહનોનો તાત્કાલિક ધોરણે સ્ક્રેપ (નિકાલ) કરવા અપીલ કરી છે. જેના માટે તેઓ વોલેન્ટરી વ્હિકલ સ્ક્રેપિંગ એપ્લિકેશનના માધ્યમથી રજિસ્ટર્ડ વ્હિકલ સ્ક્રેપિંગ ફેસિલિટીનો ઉપયોગ કરી શકે છે. આ પ્રક્રિયાના માધ્યમથી નવા વાહનના રજિસ્ટ્રેશન પર મોટર વાહન ટેક્સમાં છૂટ પણ મળશે.

સરકારની નવી માર્ગદર્શિકા મુજબ જો જૂના વાહનો દિલ્હીના જાહેર કે ખાનગી સ્થળોએ પાર્ક થયેલા જોવા મળ્યા તો તેને જપ્ત કરવામાં આવશે. તેમજ વાહનના માલિકને રૂ. ૫૦૦૦થી રૂ. ૧૦,૦૦૦ સુધીનો દંડ ફટકારવામાં આવશે. તદુપરાંત આ વાહનોને ઈંધણ ન આપવા તમામ ફ્યુલ રિફિલિંગ સ્ટેશન્સને આદેશ આપવામાં આવ્યો છે. જેના માટે એક સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેમાં મોટાભાગના પેટ્રોલ પંપને આવરી લેવામાં આવ્યા છે.

જૂના વાહન પર લેવામાં આવેલી એનઓસી બાદ એક મહિનાની અંદર જ વાહનને દિલ્હીની બહાર લઈ જવુ પડશે. તેનું દિલ્હીમાં એક મહિના બાદ પાર્કિંગ ગેરમાન્ય ગણાશે. જો તેને દિલ્હીની બહાર નહીં કરાય તો દિલ્હી ટ્રાફિક પોલીસ, નવી દિલ્હી નગરપાલિકા પરિષદ, દિલ્હી નગર નિગમ, અને દિલ્હી છાવણી બોર્ડ આ વાહનોને જપ્ત કરી શકે છે.

### અભિષેક શર્મા ૨૮ રન પર જ આઉટ થયો હતો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

IPL 2025ની હાઈ-વોલ્ટેજ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે પંજાબ કિંગ્સને ૮ વિકેટે હરાવ્યું. આ મેચમાં પંજાબની ટીમ પ્રથમ બેટિંગ કરવા આવી હતી અને ૨૪૫ રનનો ટાર્ગેટ આપ્યો હતો. આ ટાર્ગેટ એટલો મોટો હતો કે તેનો ચેજ કરવો અશક્ય લાગતું હતું. પરંતુ અભિષેક શર્માની તોફાની સદીએ આ મેચને એકતરફી બનાવી દીધી હતી. જો કે પંજાબને અભિષેકની વિકેટ વહેલા મળી ચૂકી હતી, પરંતુ અમ્પાયરના નિર્ણયે બધુ બદલી નાખ્યું. રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં IPL 2025માં સનરાઈઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સ વચ્ચે રોમાંચક મુકાબલો થયો. હૈદરાબાદના ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્માએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. જો કે, યશ ઠાકુરની એક ભૂલે અભિષેકને જીવનદાન આપ્યું હતું. ૨૪૬ રનના ટોર્ગેટનો પીછો કરતા અભિષેકે તોફાની શરૂઆત કરી અને તેની પ્રથમ આઈપીએલ સદી ફટકારી. તેણે ૪૦ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. મેચમાં હૈદરાબાદને ૨૪૬ રનનો મોટો ટાર્ગેટ મળ્યો હતો. અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડે મળીને ટીમને ઝડપી શરૂઆત અપાવી હતી. બંને બેટ્સમેનોએ પંજાબ કિંગ્સના બોલરો પર જોરદાર હુમલો કર્યો. યશ ઠાકુર ઈનિંગની ત્રીજી ઓવર ફેંકી રહ્યો હતો. અભિષેકે તેના પ્રથમ ત્રણ બોલમાં એક ફોર અને એક સિક્સર ફટકારી હતી.

### રિસર્ચમાં ચોંકાવનારો ખુલાસો

## ૨ ભાગમાં ફાટી રહી છે ભારતની ધરતી, ગમે ત્યારે આવી શકે છે વિનાશકારી ભૂકંપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભૂવૈજ્ઞાનિકોએ ભારતીય પ્લેટોના ૨ ભાગમાં તૂટવાનો સંકેત આપ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેનો એક ભાગ પૃથ્વીના આવરણમાં ડૂબી જવાનો છે. આ પ્રક્રિયા વિસ્તારના ભૂસ્તરશાસ્ત્રીય લેન્ડસ્કેપને ફરીથી આકાર આપી શકે છે. અમેરિકન જિયોફિઝિકલ યુનિયનમાં પ્રકાશિત એક અભ્યાસ અનુસાર, ભારતીય પ્લેટ બે ટુકડાઓમાં વિભાજીત થઈ રહી છે, જે આ વિસ્તારની સમગ્ર ભૂસ્તરશાસ્ત્રીય સ્થિતિને કાયમ માટે બદલી શકે છે. અભ્યાસ અનુસાર, ભારતીય પ્લેટ, જે લગભગ ૬૦ મિલિયન વર્ષોથી યુરેશિયન પ્લેટ સાથે અથડાઈ રહી છે, તે ડિલેમિનેશન નામની નવી પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે. આ પ્રક્રિયામાં, પ્લેટનો ગાઢ ભાગ પૃથ્વીના આવરણમાં ડૂબી જાય છે, જેના કારણે પ્લેટની અંદર તિરાડ પડે છે. ડિલેમિનેશનની પ્રક્રિયા પ્લેટની સ્થિરતાને અસર કરે છે. જેના કારણે આ વિસ્તારમાં ભૂકંપનું જોખમ વધી જાય છે. યુટ્રેચ યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્રી ડુવે હિન્સબર્ગેનના જણાવ્યા અનુસાર, ટેકટોનિક શિફ્ટને ચલાવતી પ્રક્રિયાઓ ઝડપથી બદલાઈ રહી છે. આ સમજવું ખૂબ મુશ્કેલ છે.

## આંધ્ર પ્રદેશમાં એક ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ

। (એજન્સી) અમરાવતી, તા.૧૩ ।

મધ્યપ્રદેશ બાદ હવે આંધ્ર પ્રદેશમાં એક ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ થયો છે. આ દુર્ઘટનામાં ૮ કામદારોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ વિસ્ફોટ આંધ્ર પ્રદેશના અનાકાપલ્લે જિલ્લામાં થયો હતો, જેના કારણે ફેક્ટરી સંપૂર્ણપણે ધ્વસ્ત થઈ ગઈ છે. રાજ્યના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આ ઘટના પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે અને રાહત કાર્યને ઝડપી બનાવવાના આદેશ આપ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત અનાકાપલ્લે જિલ્લાના કોટાવુરુતલા ગામમાં રવિવારે બપોરે બન્યો હતો. ફેક્ટરીની અંદર અચાનક જોરદાર વિસ્ફોટ થવા લાગ્યા હતા. આ વિસ્ફોટોમાં ઘટનાસ્થળે જ ૬ કામદારો ના મોત થયા હતા, જ્યારે અન્ય બે ઈજાગ્રસ્તોનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આ ઘટનાની માહિતી મળતાં જ જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષક સાથે વાતચીત કરી હતી અને તેમને રાહત કાર્ય ઝડપથી શરૂ કરવા જણાવ્યું હતું. તેમણે ઘાયલ થયેલા તમામ કામદારોને યોગ્ય અને સારી સારવાર મળે તેની ખાતરી પણ આપી છે. રાજ્યના ગૃહમંત્રી અનિતા પણ આ ઘટના પર સતત નજર રાખી રહ્યા છે અને તેમણે ઘાયલ કામદારોને શ્રેષ્ઠ સારવાર આપવા સૂચના આપી છે. સાથે જ, તેમણે મૃતકોના પરિવારો અને ઘાયલોને આર્થિક સહાય પૂરી પાડવાની પણ ખાતરી આપી છે. ઘટનાસ્થળે પહોંચેલા પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે વિસ્ફોટનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે દુર્ઘટના સમયે ફેક્ટરીમાં કામ ચાલી રહ્યું હતું.

### મહિલા પહોંચી કોર્ટમાં

## ઓફિસેથી માત્ર ૧ મિનિટ વહેલા નીકળી તો બોસે નોકરીમાં કાઢી મૂકી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ચીનમાં એક મહિલાને ઓફિસમાંથી દરરોજ માત્ર એક મિનિટ વહેલું નીકળવું એટલું મોંઘું પડ્યું કે તેને નોકરીમાંથી કાઢી નાખવામાં આવી. પરંતુ હવે કોર્ટે મહિલાની તરફેણમાં ચુકાદો આપતાં કંપનીને ફટકાર લગાવી છે. આ ઘટના ચીનના ગ્વાંગઝોઉ શહેરની છે, જ્યાં એક ખાનગી કંપનીમાં ત્રણ વર્ષથી કામ કરતી વાંગ નામની મહિલાને માત્ર ૬ દિવસ સુધી એક મિનિટ વહેલું નીકળવાના આરોપમાં નોકરીમાંથી કાઢી નાખવામાં આવી હતી. HR મેડમે શું કહ્યું? મહિલાને HR મેડમે જણાવ્યું કે, ઓફિસના CCTV રેકોર્ડ્સમાં વાંગ નિર્ધારિત સમયથી એક મિનિટ વહેલા બહાર જતી જોવા મળી છે. કંપનીએ તેને કોઈ ચેતવણી આપ્યા વગર જ નોકરીમાંથી કાઢી નાખી. મહિલાએ આને અન્યાય ગણાવીને કોર્ટનો દરવાજો ખખડાવ્યો. મહિલાને HR મેડમે જણાવ્યું કે, ઓફિસના CCTV રેકોર્ડ્સમાં વાંગ નિર્ધારિત સમયથી એક મિનિટ વહેલા બહાર જતી જોવા મળી છે. કંપનીએ તેને કોઈ ચેતવણી આપ્યા વગર જ નોકરીમાંથી કાઢી નાખી. મહિલાએ આને અન્યાય ગણાવીને કોર્ટનો દરવાજો ખખડાવ્યો. સ્થાનિક કોર્ટે સુનાવણી બાદ જણાવ્યું કે, મહિલા વિરુદ્ધ લેવાયેલું પગલું ગેરકાયદેસર છે.

### લગ્નના નામે ૨.૬૮ કરોડનું કરી નાખ્યું

## મોડલનો ફોટો લગાવી યુવતીએ NRIને ફસાવ્યો

। (એજન્સી) ઈન્દોર, તા.૧૩ ।

આજના જુવાનિયાઓને ચેતવતો કિસ્સો ઈન્દોરથી સામે આવ્યો છે, જેમાં એક NRI યુવક પ્રેમના નામે લૂંટાયો છે, જેની સાથે પ્રેમના નામે ૨ કરોડ અને ૬૮ લાખ રૂપિયાનો ખેલ થઈ ગયો છે. આ કેસની ખાસ વાત એ છે કે તેની સ્ક્રિપ્ટ ક્રાઈમ થ્રિલર જેવી જ છે. આ બનાવ વિશે વિગતવાર વાત કરીએ તો મૂળ આંધ્ર પ્રદેશનો રહેવાસી અને હાલ અમેરિકાના નોર્થ કેરોલિના ખાતે રહેતો વેંકટ કલ્ગા સોફ્ટવેર કંપનીમાં કામ કરે છે. તે પોતાના માટે જીવનસાથી શોધી રહ્યો હતો. જેથી વેંકટે ભારતની એક જાણીતી મેટ્રિમોનિયલ વેબસાઈટ પર પ્રોફાઈલ બનાવી હતી.

થોડા દિવસ બાદ તેની નજર એક પ્રોફાઈલ પર પડી હતી. પ્રોફાઈલ પર દેખાતી યુવતી ખૂબ જ સુંદર હતી- ઈન્ટાગ્રામ મોડલ જેવી પર્સનાલિટી, સરળ વાતો અને પારિવારિક સંસ્કારોની ઝલક. જેનું નામ હતું "બરખા જૈસવાણી". વેંકટે તે પ્રોફાઈલ સાથે સંપર્ક કર્યો. ત્યારબાદ બંનેની વાતચીત વૉટ્સએપ પર શિફ્ટ થઈ, પછી કૉલ્સ શરૂ થયા. ધીમે-ધીમે મિત્રતા ગાઢ બની, અને બરખાએ કહ્યું કે તે પણ લગ્નને લઈને ગંભીર છે. થોડા જ દિવસોમાં બરખાએ પોતાની મુશ્કેલીઓ શેર કરવાનું શરૂ કર્યું - બીમારી, ઘરની આર્થિક તકલીફો, દેવું, અને પછી અમેરિકા આવીને મળવાની ઈચ્છા. આ ભાવનાત્મક વાતોમાં ફસાઈને વેંકટ સતત પોતાની બચતમાંથી તેને પૈસા મોકલતો રહ્યો.

એપ્રિલ ૨૦૨૩થી જૂન ૨૦૨૪ સુધીમાં વેંકટે અલગ-અલગ ખાતાઓમાંથી કુલ ૨ કરોડ ૬૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા. ક્યારેક મેડિકલ ઈમરજન્સી, ક્યારેક ફ્લાઈટ ટિકિટ, તો ક્યારેક ઘરના ખર્ચના બહાને તેની પાસેથી પૈસા માંગવામાં આવ્યા. આ દરમિયાન વેંકટને ધીમે-ધીમે શંકા થવા લાગી. તેણે વીડિયો કોલ કરવાની જીદ કરી અને અહીં કહાનીનો ટ્વિસ્ટ આવ્યો. વીડિયો કોલ પર ચહેરો જોઈને વેંકટના તો હોશ જ ઉડી ગયા. કારણ કે પ્રોફાઈલ ફોટો કોઈ બીજાનો હતો અને વીડિયો કોલ પર રહેલી યુવતી પણ કોઈ અલગ જ હતી.

જેથી વેંકટ અમેરિકાથી ભારત આવ્યો અને સીધો ઈન્દોર પોલીસ પાસે પહોંચ્યો. તેણે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી. DCP ક્રાઈમ બ્રાન્ચ રાજેશ ત્રિપાઠીએ આ મામલાની તપાસ શરૂ કરી અને સાયબર ફ્રોડના પાના ખુલવા લાગ્યા. તપાસમાં જાણવા મળ્યું કે, જે પ્રોફાઈલથી વેંકટને ફસાવવામાં આવ્યો, તેમાં ઉપયોગ કરાયેલા ફોટા એક જાણીતી ઈન્સ્ટાગ્રામ મોડલના હતા, જે ગૂગલ પરથી ડાઉનલોડ કરીને પ્રોફાઈલ બનાવવામાં આવી હતી.

પ્રોફાઈલ બનાવી હતી- સિમરન જૈસવાણીએ, જેની ઉંમર ૨૭ વર્ષ છે અને ઈન્દોરની રહેવાસી છે. તેને આ કામમાં સાથ આપી રહ્યો હતો તેનો સગો ભાઈ વિશાલ જૈસવાણી. બંનેએ મળીને એક ષડયંત્ર રચ્યું, નકલી નામોથી વાતચીત કરી અને કરોડો રૂપિયા ઉઘરાવ્યા.

પોલીસ પૂછપરછમાં આરોપીઓએ જણાવ્યું કે, તેઓએ ઠગાઈના પૈસાથી પોતાનું દેવું ચૂકવ્યું, એક કાર ખરીદી, અને એટલું જ નહીં, કપડાંનો પોતાનો બિઝનેસ પણ શરૂ કર્યો. ક્રાઈમ બ્રાન્ચે પહેલા સિમરનની ઈન્દોરથી અને પછી વિશાલની અમદાવાદથી ધરપકડ કરી. બંનેને પોલીસ રિમાન્ડ પર લેવામાં આવ્યા છે અને તેમની વધુ પૂછપરછ ચાલુ છે. ઙઞ઼ રાજેશ ત્રિપાઠીએ જણાવ્યું કે, સોશિયલ મીડિયા અને ઓનલાઇન પ્લેટફોર્મ્સ પર આવા સાયબર ક્રાઈમ વધી રહ્યા છે.

### અખિલેશ-કેજરીવાલે ગુજરાત મોડલને ગણાવ્યું ફેલ

## બે વર્ષ જૂના પરિણામના આધારે અખિલેશે ગુજરાત મોડલ ઉપર ઉઠાવ્યા સવાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।


અખિલેશ યાદવે ગુજરાતની ૧૫૭ શાળાઓમાં એક પણ વિદ્યાર્થી ૧૦મા ધોરણમાં પાસ ન હોવાના સમાચાર પર સોશિયલ મીડિયા પોસ્ટમાં ભાજપ અને ગુજરાત મોડલ પર પ્રહારો કર્યા છે. તો કેજરીવાલે આ ટ્વીટને સમર્થન આપ્યું છે. ગુજરાતને બદનામ કરવાનો મુદ્દો ઉછળતા ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ તેનો જવાબ આપ્યો.

અખિલેશ યાદવે અમારી સહયોગી વેબસાઈટના જૂના આર્ટિકલના સ્ક્રીન શોટનો ઉપયોગ કરીને ગુજરાતને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે. અખિલેશ યાદવે એક સમાચાર શેર કરીને કહ્યું કે ગુજરાત મોડલ નિષ્ફળ ગયું છે, આના પર તેમને છઈઁ કન્વીનર અરવિંદ કેજરીવાલે સમર્થન આપ્યું હતું. જો કે અખિલેશ યાદવે જેના પર પ્રહારો કર્યા છે તે પરિણામ ૨ વર્ષ જૂનું છે.

જોકે, ગુજરાત મોડલ ફેલ ગયાની વાત ચર્ચામા આવતા જ ગુજરાતના ગૃહરાજ્ય મંત્રીએ ટ્વીટ કરીને જવાબ આપ્યો. અખિલેશ યાદવે પોસ્ટમાં લખ્યું કે, ગુજરાત મોડલ જ ફેલ થયું છે... ગુજરાતની ૧૫૭ શાળાઓમાં એક પણ વિદ્યાર્થી ૧૦માની બોર્ડની પરીક્ષા પાસ કરી શક્યો નથી. અમે ભાજપને હટાવીશું અને ભવિષ્ય બચાવીશું! આ છે ગુજરાત મોડલ. આ બીજેપી મોડલ છે જેને તેઓ સમગ્ર દેશમાં લાગુ કરવા માંગે છે. આ ડબલ એન્જિન મોડલ છે. તેઓ સમગ્ર દેશને અભણ રાખવા માંગે છે. તમે મને એક એવું રાજ્ય કહો જ્યાં તેમની સરકાર છે અને તેમણે ત્યાં શિક્ષણને બગાડ્યું નથી. આ મોડલ હેઠળ તેઓ હવે દિલ્હીની શિક્ષણ વ્યવસ્થાને નષ્ટ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

નકલી નેતાઓ એલર્ટ! મેં આવા નકલી અને કપટી નેતાઓ ક્યારેય જોયા નથી. ગુજરાત બોર્ડના પરિણામો હજુ જાહેર થયા નથી, પરંતુ શ્રી અખિલેશ યાદવ અને તેમના સહયોગી અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા પર નકલી પરિણામો શેર કર્યા છે. આ ખોટી માહિતી ફેલાવવાનો અને જાહેર અભિપ્રાય સાથે ચેડાં કરવાનો સ્પષ્ટ પ્રયાસ છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર




## ગુજરાત સરકાર ઉજવી રહી છે ભારતના બંધારણના અંગીકરણના ૭૫ વર્ષ



# બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરને જન્મજયંતી નિમિત્તે કોટિ-કોટિ વંદન

"સમાજમાં સમાનતા લાવવી એ ન્યાયનું કાર્ય છે"
- ડૉ. બાબાસાહેબ આંબેડકર




- **સૌને માટે ઘરનું ઘર:** ડૉ.આંબેડકર આવાસ યોજનામાં હાલમાં આપવામાં આવતી **₹ ૧.૨૦ લાખ**ની સહાયમાં **₹ ૫૦ હજાર** જેટલી માતબર રકમનો વધારો કરી કુલ **₹ ૧.૭૦ લાખ** કરવામાં આવી
- **શિક્ષણ સાથે સમરસતા કેળવાય તે માટે સમરસ છાત્રાલયો:** હાલમાં ૧૧ સ્થળોએ ૨૧ સમરસ છાત્રાલયો કાર્યરત, વર્ષ ૨૦૨૫-૨૬માં ૯ સમરસ કન્યા છાત્રાલયો અને ૧૧ સમરસ કુમાર છાત્રાલયો એમ **કુલ ૨૦ નવા સમરસ છાત્રાલયો** બાંધવામાં આવશે
- **સરકારી છાત્રાલયો:** વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૬ સરકારી કન્યા અને કુમાર છાત્રાલયો બાંધવા માટે **₹ ૨૨.૭૪ કરોડ**નો ખર્ચ કરાશે
- **નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત બાળકોને ગણવેશ:** નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર રચાયેલ બાલવાટિકામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને 3 જોડી ગણવેશ ખરીદવા **₹ ૯૦૦**ની સહાય
- **ઉચ્ચ શિક્ષણ માટે સાધન સહાય:** ડિપ્લોમા/ડિગ્રી એન્જિ./મેડિકલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતી સહાયમાં **₹ ૨૦૦૦** થી લઈ **₹ ૫૦૦૦** સુધીનો વધારો, તેમજ ખાસ પ્રોત્સાહક સહાય હેઠળ ધો. ૧૦ અને ધો. ૧૨માં **₹ ૫૦૦૦** થી લઈ **₹ ૨૦,૦૦૦** સુધીનો વધારો
- **બેંક મારફત લીધેલી લોન પર સબસિડી સહાય:** અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળના નિગમો મારફત અપાતી લોન ઉપરાંત બેંક મારફતે વાહન, સ્વરોજગારી યોજના તથા ભારત અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બેંક મારફતે લીધેલ લોન પર **પુરુષો માટે ૬%** અને **મહિલાઓ માટે ૭%** વ્યાજ સબસિડી
- **ગણવેશ સહાય:** આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતી ₹ ૯૦૦ની સહાયમાં ₹ ૬૦૦નો વધારો કરી **₹ ૧૫૦૦** આપવામાં આવશે
- **દેશના રક્ષણ કાજે યુવાનો સૈન્યમાં જોડાય તે માટે અનુસૂચિત જાતિના યુવાનો માટે અગ્નિવીર તાલીમ**
- **અનુસૂચિત જાતિના કલ્યાણ માટે ₹૧૨૬૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે**
- અનુસૂચિત જાતિ સમુદાયનાં વ્યક્તિઓના વિરૂદ્ધ અત્યાચાર નિવારણ માટે **હેલ્પલાઈન નંબર -૧૪૫૬૬** થી સહાય મેળવી શકાશે



## વંચિતોના વિકાસ માટેની વણથંભી વિકાસયાત્રા...

**અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટેની**
વિવિધ કલ્યાણકારી યોજનાઓ માટેની જાણકારી
**www.mariyojana.gujarat.gov.in**
પરથી મેળવી શકાશે.

વંચિત સમુદાયના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.
- **શ્રીમતી ભાનુબેન બાબરીયા,** મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, ગુજરાત સરકાર